# વિહંગ


પક્ષીનિરીક્ષકો વચ્ચેનો સેતુ



શરદ ૨૦૦૬

# માન્યતા કે હકીકત ?

લાલસિંહ રાઓલ



કોયલ ગાય, બપૈયો ગાય, દૈયડ, શોબિગી, પીળક અને ચંડૂલો ગાય; શામા ઈંદ્રરાજ અને કસ્તુરા પણ ગાય. આપણે માની લઈએ છીએ કે બધા કોકિલ કે બપૈયાના ટહૂકા એક સરખા જ હોય. તેવું જ અન્ય પંખીઓનાં ગાનની બાબતમાં પણ ખરેખર હોય છે ખરું? એક દૈયડ અને બીજા દૈયડના ગીતમાં ફરક હોય ખરો? માનવીમાં જેમ વ્યક્તિગત વિશેષતા હોય છે તેવું પક્ષીઓમાં કેમ ન હોય? આપણી માફક તેમનામાં મૂડ હોય તેવું આપણે માની શકીએ?

વ્યક્તિગત વિશેષતા ઉપરાંત પંખીઓનાં ગાનમાં ઉંમરનો એટલે કે અનુભવી - બિનઅનુભવીનો પ્રભાવ હશે? સંગીતકારોમાં નવશિખાઉ કરતાં અનુભવીના કંઠમાં રિયાઝના કારણે વધારે મીઠાશ આવે જ છે ને? પંખીઓમાં તેવું હોઈ શકે . નહીં? આપણામાંના કોઈકના મનમાં આવા વિચારો આવતા હશે.

થોડા વરસથી મારા મનમાં આ પ્રશ્નો ઘોળાયા કરે છે. થોડાક દાખલા આપી તે વધારે સ્પષ્ટ કરું. કાળિયો કોશી નાનપણથી મારું જાણીતું પંખી. કોઈએ તેની ગણના ગાયક પંખીમાં કરી હોય તેવું મારા ખ્યાલમાં નથી. પક્ષીનિરીક્ષણમાં મેં હજી પગરણ નહોતા માંડ્યાં. ભાવનગરની શામળદાસ કૉલેજમાં ભણતો હતો ત્યારની આ વાત છે. એક વર્ષાઋતુમાં અમારી 'બોર્ડિંગ'ની 'ડૉર્મીટરી'ના મકાન ઉપર બેસીને કાળિયા કોશીએ થોડી મિનિટ સુધી અદ્‌ભુત મીઠાશવાળું ગાન રેલાવેલું. તે વખતે પંખીઓની બાબતમાં સાવ અનભિજ્ઞ એવા મારા જેવાને પણ તે આકર્ષી ગયેલું, ખૂબ ગમેલું. પછી તો વરસોનાં વહાણાં વહી ગયાં. દરમ્યાન પંખીઓની લગની લાગી ચૂકી હતી. એક ગામડામાં એવું જ દિલ ડોલાવી દે તેવું કાળા કોશીનું ગાન પાછું સાંભળવા મળ્યું. અને ત્યાર બાદ થોડા વરસે રાજકોટમાં.

કાળો કોશી તો છે આપણું વ્યાપક પંખી. વર્ષભર તેની બોલી સંભળાયા કરે. તેની પ્રજનન-ઋતુ ચોમાસામાં તે વધારે બોલકો બની જાય છે તે ય સાચું. છતાં આટલા વરસોમાં તેનું ખૂબ મીઠું ગાન તો ત્રણ જ વાર સાંભળવા મળ્યું.

આ પ્રસંગોમાં તેનો 'મૂડ' કારણભૂત ગણાવી શકાય?

કોયલ આપણું ખૂબ જાણીતું પંખી. વસંતથી વર્ષાના અંત સુધી તે મુક્તકંઠે ટહુક્યા કરે. તેના પંચમ સૂરના ટહુકાથી સૌ પરિચિત. તેના એક નરથી બીજા નરના ટહુકામાં તમને ફેર લાગે છે? હવેથી તે ઉપર ધ્યાન આપ્યા કરજો. તેવું જ બપૈયાનું. બન્નેના અવાજ બુલંદ અને મીઠા, છતાં મને તેમના બધાના ટહુકા એક સરખા નથી લાગતા. જુદા જુદા કોકિલના કે બપૈયાના ટહુકામાં સહેજસાજ ફરક હોય છે, તે તમારા ધ્યાનમાં આવ્યું છે? બધાના ટહુકા એક સરખા મીઠા કેમ નથી હોતા? ઉંમરના કારણે, રીયાઝના કારણે કે વ્યકિતગત કુશળતાના કારણે ફરક પડતો હશે?

એકથી બીજા દૈયડના ગાનમાંયે મને સહેજ-સાજ ફરક લાગ્યા કરે છે. કોઈ કોઈ વરસે કોઈ દૈયડ એવું મન મૂકીને ગાય છે કે આપણે ચકિત થઈ જઈએ. પણ દર વરસે એવું બનતું નથી. આથી જુદો એક દાખલો આપું. અમદાવાદમાં મારી બાજુના ફ્લેટમાં દૈયડ દર વરસે પ્રજનન કરવા આવે છે. આ નર છે સાવ ઠોઠ નિશાળિયો. "સી..ઈ...ઈ, સી..ઈ...ઈ", એવી સિસોટી સિવાય તેને કાંઈ ગાતા જ આવડતું નથી. ક્યારેક લગરીક ગાય તો તેમાં કાંઈ ભલીવાર ન હોય. છેલ્લાં ચારેક વરસથી હું આ જોઉં છું. તેને દૈયડ કહેવો કે કેમ તેની મને શંકા થાય છે!! ગાયકોના કુળમાં તેને ક્યાં મૂકવો તે (ભર્તુહરિના શબ્દોમાં કહું તો) "ન જાનીમ હૈ."

પ્રજનન ઋતુમાં કાળા કોશી અને દૈયડનો દિવસ બહુ વહેલો શરૂ થઈ જાય. મોટા ભાગનાં પંખીઓ સૂતાં હોય ત્યાં વહેલી પરોઢના અંધકારમાં તે બન્ને ગાવાનું શરૂ કરે. તેમની એક અદ્‌ભુત જુગલબંદીની વાત કરું. તે વખતે હું પોરબંદરમાં હતો. રાવળિયા પ્લોટમાં પહેલા માળે રહેતો હતો. મારી સામેના મકાનો બેઠા ઘાટનાં, એટલે કે, માળ વિનાનાં. થોડે દૂરનાં મકાનો માળવાળાં. આમાંનાં એક મકાન પરથી રોજ વહેલી પ્રભાતે કાળો કોશી ગાન આરંભતો. બીજા મકાનેથી દૈયડ. કલાક - દોઢ કલાક સુધી ચાલતી તેમની આ મીઠી જુગલબંદી. સાંભળતાં હું ખુશખુશ થઈ જતો. બસ એક જ વાર આવું બનેલું. ફરી તેમની મીઠી જુગલબંદી આજ સુધી સાંભળવા નથી મળી. આમાં કાળાકોશી અને દૈયડનાં 'મૂડ' કારણભૂત હશે?

અનુ. પાના ૨૯ પર..

## સૂચિ




| | |
|---|---|
| માન્યતા કે હકીકત? | ૨ |
| વિહંગાવલોકન | ૪ |
| નિરીક્ષણ નોંધ | ૫ |
| ગીધ પર જાપતો | ૧૮ |
| સારસ વૉચ | ૨૧ |
| પત્રસેતુ | ૨૩ |
| સંદરડા | ૨૩ |
| પંખીના ગાન-સંગીત વિષે | ૨૪ |
| મ.કુ.હિંમતસિંહજીની કલમે | ૨૭ |


**મુખપૃષ્ઠ :**

પાનસુગરી (Blackthroated Weaver Bird)

**તસવીર** : ભૂષણ પંડ્યા, રાજકોટ


# વિહંગ

વર્ષ-૯ સળંગ અંક ૨૯ શરદ ૨૦૦૬

પરામર્શક: લાલસિંહ રાઓલ

સંપાદક: ડૉ. બકુલ ત્રિવેદી

સંપાદક મંડળ

પી.એસ.ઠક્કર, ડૉ.આર.બી.બલર, કે.ડી.વૈષ્ણવ

**મુખપૃષ્ઠ સજાવટ** : મુકેશ આચાર્ય

પત્રવ્યવહાર

૧૯/૪૧૪, સત્યાગ્રહ છાવણી, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫

E mail : vihangujarat@yahoo.co.in

**સ્વૈચ્છિક** લવાજમ : વાર્ષિક રૂા.૧૦૦-૦૦

(શુભેચ્છા ફાળો આવકાર્ય – 'વિહંગ રીસર્ચ ફાઉન્ડેશન (Vihang Research Foundation)' ના નામે ચેક / ડ્રાફ્ટ અથવા મ.ઓ.થી.)

પ્રકાશક : 'વિહંગ રીસર્ચ ફાઉન્ડેશન', ૧૯/૪૧૪, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫

મુદ્રક : ડૉ. બકુલ ત્રિવેદી, મુદ્રણસ્થાન : 'શારદ પ્રકાશન', ૫, સનપોઇન્ટ કોમ્પ્લેક્ષ, ગુરુકુળ સામે, અમદાવાદ-૩૮૦૦૫૨.


## સંપાદકીય



'વિહંગ'નો વર્ષા અંક ન આપી શક્યા બદલ દિલગીર છીએ. જો કે વર્ષાએ સૌને મહદ્અંશે ખુશ રાખ્યા છે. મોટાભાગનાં જળાશયો પોતાની ક્ષમતા સુધી ભરાઈ ગયાં છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રનાં પાણીની અછતવાળા વિસ્તારોમાં વરસાદે ધરતીને તૃપ્ત કરી દીધી છે. પ્રવાસી પંખીઓને શિયાળુ વસવાટ માટે ઘણા વિકલ્પો મળશે. અને એ પણ ચોક્કસ, પક્ષીનિરીક્ષકોને પાણીનાં પંખીઓ માણવાનો એક સુદીર્ઘ સમયગાળો મળી જશે.

ઉ. ગુજરાતનાં બંધસર્જિત ઘણાં જળાશયો પક્ષીનિરીક્ષણ માટેનાં આદર્શ સ્થળોની ગરજ સારે તેવાં છે. ધરોઈ, દાંતીવાડા, હાથમતી, મેશ્વો વગેરે જળાશયોમાં પાણીનાં પક્ષીઓની સંખ્યા સારી એવી હોય છે. ઉ.ગુજરાતનાં ઘણાં પક્ષીનિરીક્ષણ સ્થળો ઓછી પ્રસિદ્ધિ પામ્યાં છે. કદાચ તેનું કારણ એ પણ છે કે, ઉ.ગુજરાતમાં પક્ષીનિરીક્ષકોની સંખ્યા જૂજ છે. 'વિહંગ' અને 'પક્ષીસંરક્ષણ મંડળ, ગુજરાત' (બી.સી.એસ.જી.), એ માટે હંમેશ પ્રયત્નશીલ છે કે, પક્ષીનિરીક્ષણનો ચેપ ત્યાંની પ્રજાને પણ લાગે. વધુને વધુ બાળકો, યુવાનો કુદરતી રહેઠાણોની મુલાકાત લે, પ્રકૃતિ સાથે મિત્રતા કેળવે. ઉ.ગુજરાતની પક્ષીસંદર્ભે મળતી માહિતી ઘણી અપૂરતી છે. 'વિહંગ' આ બાબતે સૌ વાચકોને આહ્વાન આપે છે કે, તેઓ ઉ.ગુજરાતમાં વસતાં તેમના મિત્રો સગાવહાલાં સુધી 'વિહંગ' લઈ જાય, તેઓને પક્ષીનિરીક્ષણના પ્રવાસોમાં સાથે લઈ જાય, તે માટે પ્રોત્સાહિત કરે અને પોતે પણ એ વિસ્તારોનો પ્રવાસ કરી ત્યાંની નોંધ મોકલતા રહે.

હવેથી 'વિહંગ'ને મોકલાવાતો ફાળો 'વિહંગ રિસર્ચ ફાઉન્ડેશન'ના નામે મોકલવો. આ ફાળો 'વિહંગ' સામયિકના અસ્તિત્વ અને વિકાસ માટે તો જરૂરી છે જ સાથે સાથે 'પક્ષી પ્રકૃતિ સંરક્ષણ' સંદર્ભે થઈ રહેલાં કાર્યો અને સંશોધનો માટે પણ ઉપયોગી થશે. આ તબક્કે હું એ.બી. જ્વેલર્સના શ્રી મનોજભાઈ સોનીનો આભાર માનું છું, જેમની આર્થિક સહાયથી અમે રંગીન મુખપૃષ્ઠ આપી શક્યા છીએ.

'વિહંગ' માટે નોંધ -લેખ મોકલાવનાર સૌ ભાઈબહેનોને વિનંતી કે પોતાની નોંધનું જે સ્વરૂપ તેઓ વિહંગમાં જુએ છે, તે સ્વરૂપમાં જ બને ત્યાં સુધી નોંધ મોકલે જેથી સંપાદનમાં સુવિધા રહે.

આ સાથે સૌને દિવાળીની શુભેચ્છાઓ પાઠવું છું. સૌને માટે આવતું વર્ષ પક્ષીનિરીક્ષણ અને પક્ષીસંરક્ષણની દૃષ્ટિએ ઉપયોગી અને ફળદાયી નીવડે, તેવી ઈશ્વરને પ્રાર્થના.

# વિહંગાવલોકન

લવકુમાર ખાચર



(ગયા અંકથી ચાલુ)

આ પર્યાવરણને કેમ સમૃદ્ધ બનાવવું, ભભકાદાર કરવું તે જ ચિંતનાનો વિષય રહેવો જોઈએ. રહ્યાં સહ્યાં અભયારણ્યો તરફ દોડવાને બદલે જ્યાં રહેતા હોઈએ ત્યાં જ નાનાં મોટાં અભયારણ્યો ઊભાં કરવા જેથી આપણાં જીવનમાં પક્ષીઓનાં ગાન ગૂંજતાં રહે. આજે, અમદાવાદમાં બકુલભાઈ ત્રિવેદીના રહેઠાણમાં અનેક જાતનાં પક્ષીઓ જોવા મળે છે અને તે પણ કોઈ તકલીફ લીધા વગર! અમદાવાદમાં મારા જૂના વિદ્યાર્થીની જગ્યા પર, મારા માર્ગદર્શનથી એક સુંદર પક્ષીજગત ઊભું થયું છે. અહીં જંગલમાં સંભળાય છે તેના કરતાં વધારે તુઈ બોલતી રહે છે. રતનમાળ અને બીજાં અભયારણ્યો પર ધસારો કરવાને બદલે તેમનો વ્યાપ વધારવો તે આપણા બધા માટે એક પડકાર છે. નાનામાં નાના આંગણામાં ઝાડનું જતન થઈ શકે છે અને ઝાડ માટે જગ્યા ન હોય તો સુંદર વેલોથી આખા મકાનને આવરી લેવાય, જે સુરતમાં સ્નેહલે કરેલ છે. પક્ષીઓ આવશે, માળા કરશે, તમારા ભાહુતો બનશે!

મને જરા અજુગતું લાગે કે, ગુજરાતના સારામાં સારા મનાતા એવાં આ જંગલમાં આપણે શમિયાણાની છાયામાં બેઠા છીએ, નહીં કે ઘટાદાર ઝાડોના ઝૂંડમાં. જંગલખાતાના આંગણમાં પરદેશી અને શહેરોના બાગ બગીચામાં જોવા મળે તેવાં ઝાડ, છોડ વાવેલ છે. કેટલું અજુગતું! "સનસેટ પોઈન્ટ" સુધીના આખા રસ્તા પર એક જ ભરાવદાર ઊમરાનું ઝાડ જોયું. કેવું સુંદર તે ઝાડ! કેવો છાંયો! કેટલાં ફળ! આંબા કેટલા ભરાવદાર ઊગે છે! તો , જો ઝાડ વાવવા હોય તો આવાં જ વવાય નહીં તો દૃષ્ટિનો અભાવ કહેવાય . જ્યારે મેં અભયારણ્યો પર ધસારો ઓછો કરવાની વાત કરી ત્યારે એક વિરોધી સૂર સંભળાયો, "આવી જગ્યાઓનું "મેનેજમેન્ટ" બરોબર થાય છે કે કેમ તેની ખબર કેમ પડે?" આવા "ઑડીટો" સમૂહ કરી શકતું નથી. આયોજકો બીજા કામોમાં વ્યસ્ત રહેતા હોય છે અને શિબિરાર્થીઓ પાસે કોઈ અનુભવ કે સૂઝ હોતી નથી. તેઓ માટે અનુભવ નવો હોય છે. જગ્યાઓ પર ધસારો વધતો જાય અને ધસારો પણ વધે. આ જ ચિન્તાનો સૂર સ્નેહલ તરફથી સંભળાયેલ. દાયકાઓ પહેલા મને, ડાંગમાં ગીરા નદીના ધોધ ઉપર લઈ ગયેલ. દુલધા પડાવથી જંગલમાંથી ચાલવું પડેલ. જગ્યા સુંદર, અને સ્વચ્છ હતી. બકુલભાઈનો આ જ ધોધ નીચે બેસાડી અભિષેક કર્યો! આજે ધોધના મથાળે મોટર રસ્તો બનાવ્યો છે. અને શિસ્ત- વિહોણા સહેલાણી સમૂદાય સહેલાઈથી ત્યાં પહોંચે છે. એક સામાન્ય પર્યટનની જગા બની ગઈ છે. જંગલખાતાનું આ બિનજવાબદાર કાર્ય કહી ટીકા કરવી સહેલી છે. કાર્ય, દૃષ્ટિના અભાવે થયું છે . સાથોસાથ, આપણાં બધાની નૈતિક જવાબદારી પણ બને છે. સમાજમાં સાચું અને ખોટું, ઈચ્છનીય અને અનીચ્છનીય પારખવાની શક્તિ કેળવવામાં આપણે સદંતર નિષ્ફળ રહ્યા છીએ. આ માટે જ બિનસરકારી સંકુલોના આયોજન કરી માપદંડો ઊભા કરવાની ખાસ જરૂર છે, તેવું મારું મંતવ્ય વધારે અને વધારે સ્પષ્ટ બનતું જાય છે. શું, નળના બેટડા પર રીંગણાનું શાક અને બાજરાના રોટલા ખાવાની "મજા"ને પ્રખ્યાત કરવી કે, ત્યાંના કુદરતી માહોલને પ્રાધાન્ય આપવું? ઊંડો વિચાર માગી લે છે. નળસરોવરના પૂરા અનુભવમાં શાક રોટલાની મજા વણી લેવી જરૂરી છે, પણ પક્ષીઓ તથા સૂર્યોદય અને સૂર્યાસ્તના શાંત સૌંદર્યને ઝાંખી લાગવી ન જોઈએ. વસ્તી એટલી મોટી છે, કે સહેજે માનવ મહેરામણ ઊભરે અને જે માટે જગ્યાઓ પ્રસિદ્ધ કરાય છે, તે જ હેતુઓ ખોવાઈ જાય છે.

સરકારી અધિકારીઓ પર આપણો પ્રભાવ પડવો જરૂરી છે. આપણે જ જો ઊભરાવવામાં ભાગરૂપ બનીએ તો દોષ આપણો જ. આ કારણસર મેં ટકોર કરેલ કે, આપણે અભયારણ્યોથી બીજી તરફ નજર ફેરવીએ. "સનસેટ પોઈંટો" આખા ગુજરાતમાં છે. રાજકોટ આસપાસ પક્ષીનિરીક્ષણ કરવાની જગ્યાઓ અનેક છે. મારા કારણે બધા પિરોટનનું રટણ કરતા થાય છે. તે સુરક્ષિત રહે તે હેતુથી ત્યાં કાર્યક્રમો યોજેલ. સુરક્ષિત વિસ્તારમાં ત્યાર પછી મેળાવડા થવા જોઈએ નહીં અને જો થાય તો આપણે બિનજવાબદાર ઠરીએ અને જવાબદાર અધિકારીઓ તેઓની ફરજ ચૂકે.

આટલું કહ્યા પછી, એક વાત તો આગળ આવે જ. આ જગ્યાઓ કોના માટે રક્ષિત રાખવી? ખૂબ ઊંડાણથી વિચારણા માગી લે છે. "ઈકો ટુરિઝમ"નું રટણ કરતા અધિકારીઓને ચેતવવા જરૂરી છે કે, "પ્રકૃતિ પ્રેમીઓ"


વ્યકિતગત રીતે તથા સામુહિક રીતે અવારનવાર તેઓની કામગીરીનું "ઑડીટ" તો કરશે જ. જો આને ઘર્ષણનો રસ્તો માને તો તેઓની સમજ, જો તેવો મદદનું પગલું સ્વીકારે, તો સુંદર સુમેળ ઊભો થાય. સાથોસાથ આપણે નમૂનાલાયક સ્થળો ઊભાં કરવાની દિશામાં ચાલવું અગત્યનું છે. આ જ કારણે મારી જ દષ્ટિને લીધે લુણાવાડા તાલુકામાં બાકોર પાસે "સુંદરવન" અને તેની આસપાસ જે કાયાકલ્પ થયો છે તે નમૂનેદાર છે. આવી જગ્યાઓ ઠેરઠેર સર્જિત થઈ શકે. આ વિચારો જ્યાંથી લખી રહ્યો છું, તે જ જગ્યાનો જે આકાર સર્જાતો જાય છે, તે જોવા મિત્રો વરસોવરસ બેટની મુલાકાત લે તેવો મારો આગ્રહ છે.

આપણો દેશ માનવશોષણને કારણે હાડપિંજર બની ગયો છે. થોડું ધ્યાન રાખવાથી સુંદરતા પ્રસરે છે. આવી જગ્યાઓ તંત્રને લલકારે છે. આ લલકાર સર્વત્ર ગૂંજી ઊઠે તો પ્રકૃતિનું ઋણ આપણે ઓછું કરીશું. સુરતના સાગરિતોએ ગવિયર તળાવડીને હાથ ધરી છે તે એક પ્રશંસાપાત્ર કાર્ય છે. આ જંગલખાતાના અધિકારી મિત્રોની ટીકા નથી, તેઓને આપણાં સમુદાયના અગ્રણીઓ તરીકે હું આવકારું છું. આપણે હાથ મિલાવી ખૂબ જ કપરું કાર્ય જહેમતથી ઉપાડવાનું છે. રતનમાળમાં, આદીવાસીઓને તેઓની જમીનની માફક, હાડપિંજરો જેવાં જોઈ હું વ્યથિત થયો છું. ઘણું ખોટું છે. આમ જ જો રહેશે તો ભવિષ્ય ધૂંધળું દેખાય છે. પર્યાવરણનું કાર્ય ખામી ભરેલ લાગે છે. જવાબદારી આપણા સૌની છે.

૧૪, જયંત સોસાયટી, રાજકોટ ૩૬૪૦૦૪

*

# નિરીક્ષણ નોંધ



## અમારું માનીતું મહેમાન

અમારા ઘર નજીક શક્કરખોરા, હોલા, ચકલા અને બુલબુલ જોવા મળે છે. હમણાં ઘણા દિવસે બુલબુલનો અવાજ સંભળાયો. જોયું તો શેતૂરના ઝાડ પર શેતૂર પાકી ગએલાં. તે આરોગવા, દિવસમાં ત્રણ વાર નિશ્ચિત સમયે જ તે આવે છે. પોતાના આગમનની છડી પોકારે છે. શેતૂર ખાતાં ખાતાં કાંઈક જુદા જ મૃદુ અવાજથી પોતાનો આનંદ વ્યક્ત કરે છે.

ગયા વરસે તેણે મધુમાલતીની વેલમાં માળો કરેલો (૨-૬-૦૪) અને કેરી તથા રોટલીની જ્યાફત ઉડાવેલી. શેતૂર પૂરા થઈ ગયાં એટલે ઝાડ નીચે રોટલી અને પાકી કેરીના ટુકડા મૂકતા. ખૂબ જ આનંદથી બુલબુલ તે ખાતાં. આગલા દિવસની સુકાઈ ગએલી રોટલી પડી હોય કે કેરી જરા ખાટી હોય તો તે છોડી દેતાં. બચ્ચાંને પણ કેરી અને શેતૂર ખવરાવતાં.

બીજાં પંખીઓને તે પોતાના માળા નજીક ફરકવા પણ ન દેતાં. જ્યારે શક્કરખોરાએ માળો બનાવેલો ત્યારે માદા બેઠી હોય છતાં ચકલા તેમાંથી લૂંટ ચલાવતા પણ બુલબુલ તો પોતાના માળા નજીક બીજા પંખીને આવવા જ ન દેતાં.

બચ્ચાંને પહેલી જ વાર માળામાંથી ઊડતાં શીખવવાના દિવસે (૧-૭-૦૪) સવારથી જ મોટો પ્રસંગ હોય તેમ કોલાહલ મચાવી દીધેલો! બચ્ચાંને ઉડાડ્યાં. એક નબળું બચ્ચું બાજુના ઘરમાં નીચે બેસી ગયું. તેને ઉપાડી ઝાડ પર મૂકવા પ્રયત્ન કર્યો તો મારા ઉપર એવો હુમલો કર્યો કે મારે તેને છોડી દેવું પડ્યું. પછી ત્યાં આવીને બચ્ચાંને ખવડાવવા લાગ્યાં. બચ્ચાં માળા બહાર ઝાડની ડાળીઓમાં ફરતા થયાં પણ મા-બાપ ખવડાવવા આવે ત્યારે ફરી માળામાં ગોઠવાઈ જતાં. અઠવાડિયામાં તો જાતે રોટલી - કેરી ખાતા થઈ ગયાં.

**ભાવના મશરૂ**

એ-૭, આલાપ હેરીટેજ. સત્યસાંઈ હોસ્પિટલ પાસે, કાલાવાડ રોડ, રાજકોટ -૫

***

## અમારું માનીતું મહેમાન

અમે તા. ૨૭-૩-૦૬ના રોજ વઢવાણા તળાવ ગયેલાં. ત્યાં ૬૦ - ૭૦ ની સંખ્યામાં મોટા તેજપર (Large Pratincole) જોયા, 'Oriental' નહીં. આ ઉપરાંત કાંઠલાવાળી ઢોંગીલી (Little Ringed Plover) પણ એક જ જગ્યા પર ૬૦ - ૭૦ની સંખ્યામાં જોઈ. અમે મોટાં તેજપર આ અગાઉ જોયેલાં નહીં.

જાન્યુ. તથા ફેબ્રુ.માં પણ વઢવાણા ગયેલા. જાન્યુ.માં રાજહંસ(Barheaded Geese) ૭ અને મોટી સંખ્યામાં

ગાજહંસ (Greylag Geese) જોયેલા. ફેબ્રુ.માં ન હતાં. પણ ત્રણેય તેજપર અને કાંઠાળી ઢોંગીલી તો આટલી જ સંખ્યામાં જોયેલી. જાન્યુ.- ફેબ્રુ.માં બે શ્વેતપૂંછ ટિટોડી (Whitetailed Lapwing), ખૂબ મોટી સંખ્યામાં નકટા (Comb Ducks) તથા ભગવી સુરખાબ (Brahminy Duck) પણ હતાં. માર્ચ મહિનામાં એક પણ હંસ ન હતો.

**તરૂ, સુધા, સોહાગ**

ભીલવસી, તા. રાજપીપળા, જિ. નર્મદા

## રાજકોટ શહેરમાં રેવીદેવી

તા.૨૮-૧૦-૦૫ના રોજ વિરાણી સાયન્સ કોલેજ, કાલાવડ રોડ, રાજકોટ પાસે રાત્રિના લગભગ નવ વાગ્યે એક રેવીદેવી (Barn Owl) ઉપરથી ઊડતું જોયું.

**ઝાલા રાજદીપ એન.**

"રામ-નિવાસ", ૩૮/બી, પર્ણકુટી સોસાયટી, રાજકોટ - ૩૬૦૦૦૧.

## વેરીડેમમાં પક્ષીનિરીક્ષણ

તા. ૯-૩-૦૬ના રોજ ગોંડલ નજીક, વેરી ડેમ પાસે, સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ વાગે જોવા મળેલ પક્ષીઓ: સફેદપેણ (Rosy Pelican) - ૧૮૦, (Dalmatian Pelican) ૪૦, ગયણા (Shoveller), ચેતવા (Garganey), રાખોડી કારચિયા (Common Pochard), ટીલિયાળી બતક (Spotbill Duck), નકટા (Comb Duck), ભગતડાં (Coot), શ્યામશિર ધોમડા (Black- headed Gull), નાની કાંકણસાર (Glossy Ibis), નીલ જલમુરઘા (Purple Moorhen), જલમુરઘા (Indian Moorhen), ચમચા (Spoonbill), ટીલિયા (Ruff) , નડી બગલા (Purple Heron), કાશ્મીરી વાબગલી (Whiskered Tern), કાળીપૂંછ ગંડેરા (Black-tailed Godwit), પીળીચાંચ ઢોંક (Painted Stork) ૩૦.

## રાજકોટની આસપાસ

આજે રાજકોટ આવ્યો છું. રાજકોટની આજુબાજુ રાજદીપ સાથે નીકળી પડ્યા હતા. અલગ અલગ ત્રણ જગ્યાઓએ પક્ષીનિરીક્ષણ કર્યું. પક્ષીઓની યાદી નીચે મુજબ છે.

તા. ૬-૩-૦૬ સમય: સવારે ૭-૦૦ થી બપોર૧૨-૦૦ સુધી

| | ન્યારી ડેમ નજીકની નદી | ન્યારી ડેમ નજીકનો ચેકડેમ | ક્રાઈસ્ટ કોલેજ |
|---|---|---|---|
| નાની મુરઘાબી (Common Teal) | ૧૨ | ૨ | ૧૮ |
| નકટા (Comb Duck) | ૧૫ | ૪૦+ | - |
| શ્વેતઆંખ કારચિયા (White-eyed Pochard) | ૧૭ | - | - |
| ટીલિયાળી બતક (Spotbill Duck) | ૩૦ | ૧૬ | ૨૫ |
| ચેતવા (Garganey) | ૧૩ | ૧ | ૨૩ |
| સિંગપર (Pintail) | ૭ | ૧ | ૯ |
| ગયણા (Shoveller) | ૩૫ | ૧૭ | ૨૮ |
| રાખોડી કારચિયા (Common Pochard) | ૬ | - | - |
| કાબરી કારચિયા (Tufted Pochard) | ૨૦ | - | - |
| કાળો જલમાંજર (Bronzewinged Jacana) | - | - | ૧ |
| સર્પગ્રીવ (Darter) | ૨ | ૪ | - |
| કરકરા (Demoiselle Crane) | ૨૦૦+ | - | - |
| કાબરો કલકલિયો (Pied Kingfisher) | - | ૨ | - |
| ભગતડા (Coot) | ૬૦ | ૩૪ | ૨૭ |
| ગુલાબી પેણ (Rosy Pelican) | ૬ | - | - |
| રાતબગલા (Night Heron) | - | ૬૦+ | - |

આ ઉપરાંત રાજકોટની ભાગોળે આવેલી ખીરસરાની વીડીમાં, મોટો ઘુવડ (Great Horned Owl) -૧ તથા પટ્ટાઈ (Harrier) - ૧ જોવા મળ્યાં.

**ધૈવત હાથી, ઝાલા રાજદીપ**

"ધૈવત" ૧/૧૦ એસ્ટ્રોન સોસાયટી, અમીન માર્ગ, રાજકોટ-૧

"રામ-નિવાસ", ૩૮/બી, પર્ણકુટી સોસાયટી, રાજકોટ - ૩૬૦૦૦૧.

## હંજનો શિકાર કરતું 'બાજ'(?)

તા. ૨-૩-૦૬નાં રોજ સાંજે ૬-૩૦ કલાકે, જોડિયા ભુંગા પાસેની ખાડીમાં હંજ જોયા. ત્યાં કિનારા પાસે એટલે કે પાણીની અંદર આશરે ચાર ફૂટ અંદર બાજને જોયું. હું કિનારાની નજીક ગયો ત્યારે એક અદ્ભુત ઘટના જોઈ. બાજ, હંજ ને ખાતું હતું. મરેલ હંજની પાછળ આશરે ૩૦ થી ૩૫ નાનાં હંજ (Lesser Flamingo) ખાડીમાં હતાં.

આ જગ્યાથી આશરે ૧૫ ફૂટ આગળ આશરે ૨૫ થી ૩૦ કાગડા ટોળે મળેલ હતા. નજીક જતાં, પક્ષી તાજું જ મરેલ કે મારેલ હોય તેમ જણાતું હતું. આ સ્થળની આજુબાજુ કોઈ હતું નહીં, જેથી મારું માનવું છે કે, હંજને બાજ પક્ષીએ જ મારેલ હશે કેમકે બાજ જૂઠું માંસ ખાતું નથી. દિવસ આથમવા આવ્યો હોઈ કેમેરો લાવવાનું શક્ય ન હતું. આ અદ્ભુત અને દુર્લભ દશ્યને અંતઃમનમાં આંકી લીધું.

(બાજ (Gashawk) આપણે ત્યાં જવલ્લે આવે. તમે જોયેલ પંખી પાનપટ્ટાઈ (Marsh Harrier) હોઈ શકે, બાજ નહી. નોધ મોકલતા પહેલા ચોકસાઈ જરૂરી. - તા.)

જે.ડી. યાદવ

"જયનાથ" રણજીતનગર બ્લોક નં. એફ /૧૭, ક્વાટર નં.૬૩૧, જામનગર

## લાખાપાદર ડેમની મુલાકાત

પ્રથમ વખત આપનું ત્રૈમાસિક "વિહંગ" વાંચ્યું. ખૂબ જ આનંદ થયો. અમારો વિસ્તાર એટલે નદી, કોતરો, ડેમ અને થોડી સમતલ જમીનનો વિસ્તાર છે. તા. ૧૭-૨-૦૬ના રોજ ધારીના પક્ષીનિરીક્ષક અજીતભાઈ ભટ્ટ મારે ત્યાં નાગધ્રા આવ્યા અને જણાવેલ કે, આપણે લાખાપાદર ડેમની મુલાકાત લેવી છે. બન્ને અમારી બાઈક પર ઉપડ્યા. ડેમના પાળા ઉપરથી પક્ષીનિરીક્ષણ કર્યું. ડેમની નીચેનો ભાગ ઊંડો, કોતરોવાળો, ગોરડ અને અન્ય મિશ્ર વૃક્ષોથી આચ્છાદિત છે. જળાશયમાં વચ્ચે બેટડા જેવા ભાગમાં પક્ષીઓ ઘણાં હતાં, જે અજીતભાઈના જણાવ્યા મુજબ નીચે મુજબ હતાં. મને અજીતભાઈ પાસે પક્ષીનું સરસ પુસ્તક જોઈને ખૂબ જ રસ પડ્યો. હવેથી પક્ષીનિરીક્ષણ કરતો રહીશ.

ચમચા (Spoonbill)- ૨૦, મોટા બગલા (Large Egret) - ૩, પીળીચાંચ ઢોંક (Painted Stork) - ૧૫, ફાટીચાંચ ઢોંક (Openbill Stork) - ૫, સફેદ કાંકણસાર (White Ibis)- ૧૨, કાળા ઢોંક (Black Stork) -૧૨, ટીલિયાળી બતક (Spotbilled Duck) - ૩૦, ગયણા (Shoveller) - ૪૦, નાની સામાન્ય તુતવારી (Common Sandpiper) - ૩, વગડાઉ ટિટોડી (Yellow-wattled Lapwing) - ૩, કરકરા (Demoiselle Crane) - ૬૦, ભગતડા (Coot) - ૭૦, ટિટોડી (Redwattled Lapwing) - ૭. આ વિસ્તારમાં નદીની કોતરોમાં મોટો ઘુવડ (Great Horned Owl) પણ રહે છે.

હરેશ બગથળિયા, અજીતભાઈ ભટ્ટ

નાગધ્રા, વાયા : ચલાલા, જિ. અમરેલી

૧, ભારદ્વાજ, સરદારનગર-૧, ધારી, જિ. અમરેલી

## મોટા કાળા લક્કડખોદનો માળો તથા અન્ય પક્ષીનિરીક્ષણ નોંધ

તા. ૧૭-૧-૦૬ના રોજ વાંસદા પ્રાકૃતિક ઉદ્યાનની નેચર ક્લબ, સુરતના કામ માટે મુલાકાત લીધી. મારી સાથે મધ્ય પ્રદેશના 'રીટાયર્ડ' મુખ્ય વનસંરક્ષક શ્રી પી.એમ. લાડ હતા.

'નેશનલ પાર્ક'માં ભરાડી (ઘાસિયા મેદાનનો નાનો વિસ્તાર)થી સાદડદેવી જતા રસ્તા પર, ૨૦ ફૂટ ઊંચે સાગના ઝાડમાં મોટા કાળા લક્કડખોદ (Great Black Woodpecker)નો માળો હતો. અંદર બચ્ચાં કેટલાં હતાં એ ખબર ન પડી, પણ નર- માદા વારંવાર ખોરાક ખવડાવવા આવતાં હતાં. બપોરે એ ક્રમ (frequency) માં વચ્ચે ખૂબ સમય રહેતો. વહેલી સવારે વધારે આવર્તન રહેતું. માળા પાસે આવતાં પહેલા તેઓ એક ચોક્કસ ઝાડ પરથી જ આવતાં. માળાની ઉપર અથવા એકદમ નીચેથી માળામાં જતાં. ધીરજપૂર્વક, આજુબાજુ જોઈને ક્યારેક અવાજ કરીને માળામાં દાખલ થઈ, બચ્ચાંને ખોરાક ખવડાવતાં. માણસની હાજરીથી પક્ષી વધારે અવાજ કરતું, બાકી અવાજ વગર જ માળામાં આવી જતું. છેલ્લાં ૬ વરસથી નિયમિત આ લક્કડખોદના માળા જોવા મળે છે અને તેની સંખ્યા સારી એવી થઈ છે.

| વર્ષ | મેં નોંધેલી માળાની સંખ્યા | ઝાડની જાતિ |
|---|---|---|
| તા.૧-૧-૨૦૦૦ | ૩ | સાગના ઝાડ પર |
| તા. ૧૦-૧-૨૦૦૧ | ૧ | " |
| તા. ૧૮-૨-૨૦૦૨ | ૨ | " |
| તા.૧૪-૧-૨૦૦૩ | ૩ | " |
| તા. ૯-૧-૨૦૦૪ | ૧ | " |
| તા. ૧૧-૧-૨૦૦૫ | ૨ | " |
| તા. ૧૭-૧-૨૦૦૬ | ૩ | " |

- તા. ૨૦-૧-૦૬ ખીજડિયામાં ૬ મોટી ચોટીલી ડૂબકી (Great Crested Grebe) જોવા મળી, ૨ બચ્ચાં સાથે.
- તા. ૨૨-૧-૦૬ના રોજ છારી ઢંઢમાં પીલુના ઝાડ

પર ૭ મસ્કતી લટોરા (Grey Hysocoleus) જોવા મળ્યા, જે શ્રી જે.કે. તિવારીએ બતાવેલ.

❖ તા. ૨૩-૧-૦૬ના ના રોજ નલિયાથી લાલા જતા ખેતરમાં ૫ રણગોધલા (Creamcoloured Courser) જોવા મળ્યા.

❖ તા. ૨૩-૧-૦૬ના રોજ રણપીદ્દો (Stolizka's Chat) લાલા અભયારણ્યમાં જોવા મળેલ. નર માદા બન્ને હતા. આ પક્ષી શ્રી જે કે તિવારીના માર્ગદર્શન હેઠળ મને અને શ્રી પી. એમ. લાડ સાહેબને જોવા મળ્યાં.

❖ તા. ૨૫-૧-૦૬ના રોજ પૂર્વ રણવિસ્તારમાં ૧૫ ટિલોર (Houbara) જોયા. નાના વિસ્તારમાં આટલા ટિલોર કદાચ મારા મતે ક્યાંય ભાગ્યે જોવા મળતા હશે.

❖ તા. ૧૧-૨-૦૬ અને ૧૨-૨-૦૬ નેચર ક્લબ, સુરતના 'પ્રોજેક્ટ' માટે વાસંદા પ્રાકૃતિક ઉદ્યાનમાં જવાનું થયું. જોયેલાં પક્ષીઓની યાદી આ મુજબ છે.

દૂધરાજ (Paradise Flycatcher) - ૩ નર, ૧ માદા, ચોટલિયો સાપમાર(Crested Serpent Eagle) - ૫, મધિયો બાજ (Honey Buzzard)- ૨, શકરો (Shikra) - ૩, મોટો કાળો લક્કડખોદ (Great Black Woodpecker) - ૪, ટપકીલો લક્કડખોદ (Heartspotted Woodpecker) - ૨, સોનેરીપીઠ લક્કડખોદ (Goldenbacked Woodpecker)- ૧૧, નાનો લક્કડખોદ (Pigmy Woodpecker) - ૨, મોટો લીલો કંસારો (Large Green Barbet)- ૨૪, મોટો કશ્યો (Large Wood Shrike)- ૧, ફૂલરાજ (Yellowbacked Sunbird)- ૩, શ્વેત નયના (White eye)- ૨૦, ભીમરાજ (Racket tailed Drongo)- ૯, શ્યામશિર પીળક (Blackheaded Oriole)- ૬, રાખોડી જંગલી કૂકડો (Grey Jungle Fowl)- ૩, રાખોડી ચિલોત્રો (Grey Hornbill) - ૧, કંસારો (Coppersmith)- ૨, સીટીમાર લલેડી (Quacker Babbler)- ૨, ચટકી માખીમાર (Redbreasted Flycatcher)- ૬, થરથરો (Black Redstart)-૩

**મુકેશ ભટ્ટ**

૧૦૧, સારસ, ધરતી એપા. પાસે, સીટીલાઈટ રોડ, સુરત-૭

## કચ્છમાં ૧૮ વર્ષ પછી નીલપંખો

તા.૯-૩-૨૦૦૬ના રોજ ચાડવા રખાલની મુલાકાત લીધી. ખૂબ જ ઘટાટોપ ઊંચા વૃક્ષો અને ભેજવાળું ઠંડુ વાતાવરણ ચાડવા રખાલની આગવી વિશેષતા છે. એક જ દિવસમાં અલગ અલગ પ્રકારના ચાર માખીમાર (Flycatchers) જોવા મળ્યા, જેમાં એક હતો નીલપંખો (Blacknapped Blue Flycatcher).

કચ્છમાં આ પક્ષીની આ પહેલા બે વખત નોંધ થયેલ છે.

તા. ૧૩-૧-૧૯૬૪માં મ.કુ. શ્રી હિંમતસિંહજીએ વિજય વિલાસ પેલેસમાં જોયેલ. (BNHS Journal vol. 6 (2) 8-1964)

તા. ૨૩-૧૧-૧૯૮૮ના રોજ શ્રી શાંતિલાલ વરુએ બાબિયા ડેમ, મુંદ્રા તાલુકામાં જોયેલ.

આ પક્ષીની આજ રોજ ૧૮વર્ષ પછી ફરી એક વખત નોંધ થઈ છે.

આ ઉપરાંત, ચટકી માખીમાર (Redbrested Flycatcher), અધરંગ (Tickle's Blue Flycatcher) અને દૂધરાજ (Paradise Flycatcher)ની માદા જોવા મળ્યા.

એક જોડી કાબરી રામચકલી (Whitenapped Tit) જોવા મળી. થરથરા (Redstart)નાં નર અને માદા, શોબિગી (Common Iora)૨, ૭ જેટલા મધિયા (Honey Buzzard), ૮ ફાટીચાંચ ઢોંક (Openbill Stork),૧ કેંચીપૂછ વાબગલી (River Tern) તથા ૨૫ જેટલાં સર્પગ્રીવ (Darter) જોવા મળ્યાં.

ચાડવા રખાલથી આગળ જતાં મહાદેવના મંદિર પાસે આવેલ તળાવમાં ખૂબ જ ઓછા પાણીમાં પિયાસણ (Wegion)- ૮, લુહાર (Gadwall)- ૬, કાળીપૂંછ ગડેરા (Blacktailed Godwit)- ૩, ટિટોડી (Redwattled Lapwing)- ૩ અને શ્વેતપંખ જલમાંજર (Pheasant-tailed Jacana) - ૧ જોવા મળ્યાં.

ચાડવા પહોંચતા પહેલા સામત્રા ગામના તળાવમાં લુહાર (Gadwall)- ૮, નાની ડૂબકી (Little Grebe) - ૩ અને કાબરો કલકલિયો (Pied Kingfisher) - ૧ જોવા મળ્યાં.

**કમલભટ્ટ, મૌલિક વરુ**

રણજિત રોડ,જામનગર, જૂનવાસ, માદલપુરા, ભુજ

## કચ્છમાં એશિયન જળચર

## પક્ષીગણતરી-૨૦૦૬ - અહેવાલ

દર વરસની જેમ આ વર્ષે પણ 'વેટલેન્ડ ઈન્ટરનેશનલ' , કુઆલાલમ્પુર, મલેશિયા તરફથી ૨૦૦૬ની જાન્યુઆરી ૭ થી ૨૨ સુધી સમગ્ર એશિયામાં જળપ્લાવિત ક્ષેત્રો (wetland) પર જોવા મળતાં જળચર પક્ષીઓ તથા જળઆધારિત પક્ષીઓની ગણતરી કરવાનું આયોજન કરવામાં આવેલ. આ અંગેની ગણતરીમાં ગુજરાતના 'સ્ટેટ કોઓર્ડીનેટર' ડૉ. પારાશર્ય છે, જેઓ 'બર્ડ કન્ઝર્વેશન સોસાયટી'ના મંત્રી પણ છે. જ્યારે રાષ્ટ્રીય કોઓર્ડીનેટર 'બોમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટી'ના ડૉ.એ.આર. રહેમાની છે, જેઓ તે સંસ્થાના ડાયરેક્ટર પણ છે.

કચ્છમાં ભુજ તથા માંડવી તાલુકાનાં જુદાં જુદાં ૨૦ સ્થળો પર પક્ષીઓની ગણતરી થઈ. 'પેલીકન નેચર ક્લબ' તરફથી, આ ક્લબના પ્રમુખ શ્રી હિંમતસિંહજી ઉપરાંત, મંત્રી શ્રી શાંતિલાલ વરૂ, સભ્યો ત્રિલોચન છાયા, સુબોધ હાથી, કમલભટ્ટ, મહમદહુસેન ખત્રી, અશ્વિન પોમલ, જયસિંહ પરમાર, ઈબ્રાહીમ દરવાડિયા તથા નવીન બાપટે ભાગ લીધેલ.

આ ગણતરી દરમ્યાન ૭૦ જાતનાં જળચર અને જળ પર આધારિત પક્ષીઓ જોવા મળ્યાં, જેમાં ૩૫ જાતનાં યાયાવર હતા. ૨૦ સ્થળો પર કુલ ૧૮૫૨ પક્ષીઓની નોંધ થયેલ.

આ વર્ષે પણ જોઈએ તેવો વરસાદ ભુજ તાલુકામાં ન હોઈ મોટા ભાગના ડેમ, તળાવો ખાલી હતાં. જેવાં કે, દહીંસરા ગામતળાવ, વિજયસાગર ડેમ, દોણ ગામતળાવ તથા દોણ ડેમ. વળી, અમુક તળાવોમાં પાણી ઓછું હતું. જેવાં કે, હમીરસર તળાવ, છતરડી તળાવ, રૂદ્રમાતા ડેમ, દેવીસર તળાવ, ખત્રી તળાવ, વાલાખવાસ તળાવ, ઢોસા તળાવ તથા માવજી તળાવડી. માંડવી શહેરની શોભા સમા ટોપણસર તળાવમાં પાણી સારું હતું. રુકમાવતી નાળ, ગંગાનાળ, તથા વી.જી. ફાર્મ નજીકના દરિયાકાંઠે, દરિયાઈ પાણી હોઈ અહીં પક્ષીઓ સારાં હતાં. સામત્રા નજીક ગામતળાવ, નીલકંઠ મહાદેવ નજીક ચેકડેમ, ચાડવા નજીક પ્રાગસર તળાવ, કુકમા ગામતળાવ તથા લેરડેમમાં પણ સારું પાણી મોજુદ કોઈ પંખીઓની સંખ્યા ઠીક હતી.

ભુજના હાર્દ અને શણગાર સમા હમીરસર તળાવમાં પાણી ઓછું હતું છતાં ૨૫જાતનાં કુલ ૨૯૭ પક્ષીઓ જોવા મળેલ, જેમાંથી ૧૩ જાતિ યાયાવર હતી. અલભ્ય એવી ૧૪ ચોટીલી પેણ (Dalmatian Pelican) આકર્ષક હતી. તેની સંખ્યા પણ દુનિયાભરમાં ઘટતી જાય છે અને આપણે ત્યાં કઝાકિસ્તાનથી ઋતુ- પ્રવાસમાં આવે છે. રુદ્રમાતા ડેમ નજીકના દેવીસર તળાવમાં યાયાવાર અને અલભ્ય એવી શ્વેતપૂંછ ટિટોડી (Whitetailed Lapwing) ૨ની સંખ્યામાં જોવા મળી. કુકમાના ગામતળાવમાં મોટી શિયાળુ ડૂબકી (Great Crested Grebe) ૩ની સંખ્યામાં જોવા મળેલ. અહીં ૩ કાળા જલમાંજર (Bronzwinged Jacana) પણ જોવા મળેલ. ચાડવા નજીક પ્રાગસર તળાવમાં ૧૫ સર્પગ્રીવ (Darter), ૮ ફાટીચાંચ ઢોંક (Openbill Stork) તથા ૧ સફેદ છાતીવાળી જલમુરઘી (Whitebreasted Waterhen)એ આકર્ષણ ઊભું કરેલ. અહીં તથા સામત્રાના ગામતળાવમાં મગર પણ જોવા મળેલ.

લેરડેમ પર ૯ની સંખ્યામાં ગારખોદ(Snipe) અને ૧ શ્વેતપૂંછ તૂતવારી (Whitetailed Lapwing) જોવા મળેલ. અહીં કાબરો રાજાલાલ (Whitebellied Minivet) પણ ઘણાં વરસો બાદ નજરે પડેલ. આ પક્ષી હવે જવલ્લે જ જોવા મળે છે. માંડવીના હૃદયસમા ટોપણસર તળાવમાં ૯૦ ગુલાબી પેણ (Rosy Pelican) તથા ૩ ચોટીલી પેણ જોવા મળેલ, જેણે આ તળાવની શોભામાં અભિવૃદ્ધિ કરેલ. વિજયવિલાસ નજીકની ગંગાનાળમાં ૧ કાળીડોક ઢોંક (Blacknecked Stork) અને ૪ કરકરા (Demoiselle Crane) જોવા મળેલ. માંડવી રોડ પરની નાનકડી માવજી તલાવડીમાં ૧ ગિરજા બતક (Cotton Teal) જોવા મળેલ જે હવે ભાગ્યે જ જોવા મળે છે.

માંડવીના ટોપણસર તળાવ તથા દરિયાકિનારે અનેક ધોમડા (Gulls) જોવા મળેલ. લોકો અહીં તેને ભૂકો કરીને બિસ્કીટ ખવડાવે છે. લોકોએ બિસ્કીટ પૂરતો જ ખોરાક સીમિત રાખવો જરૂરી છે, કારણ કે ધોમડાને કુદરતમાંથી પૂરતો ખોરાક મળી રહે છે.

આ વરસે ભારતમાં આવનાર અમુક યાયાવાર પક્ષીઓમાં બર્ડ ફ્લ્યુનાં જંતુની સંભાવના હતી, તેથી તેના પર ખાસ નજર કરવાની હતી. જો કે આ ગણતરી દરમ્યાન આ વ્યાખ્યામાં આવતાં કોઈ મૃત પક્ષી જોવા મળેલ નહીં, જે સુખદ ગણાય.

આમ દુષ્કાળનું વરસ હોઈ સંખ્યાની દષ્ટિએ જોઈએ તેટલાં પક્ષીઓ જોવા મળેલ નહીં, છતાં પક્ષીગણતરી તથા

પક્ષીનિરીક્ષણનો રોમાંચ દર વરસ જેવો જ રહ્યો.

## કચ્છના મોટા રણના બેટની મુલાકાત

તા. ૨૫-૧૨-૦૫ના રોજ કચ્છના મોટા રણમાં, ઈન્ડીયા બ્રીજથી આગળ આવેલ બેટની મુલાકાત લીધી. મોહનભાઈ જોબનપુત્રા, કવિ તેજ તથા અશ્વિન પોમલ સાથે કરેલા આ પ્રવાસ દરમ્યાન નીચે મુજબનાં રસપ્રદ પક્ષીઓ જોવા મળેલ.

| પક્ષીનુ નામ | સંખ્યા | સ્થળ |
|---|---|---|
| ધોળવો ઝુમ્મસ (Tawny Eagle) | ૬ | લોરિયા -ખાવડા વચ્ચે (બન્ની-પચ્છમ) |
| શિયાળુ ટીસો (Longlegged Buzzard) | ૫ | " |
| રણચંડૂલ (Greater Hoopoe Lark) | ૧ | કરીમશાહી-વિઘાકોટ વચ્ચે |
| પીળચટો રણગોધલો (Creamcoloured Courser) | ૧ | વિઘાકોટ |

## કચ્છમાં નાની લરજી (Lesser Kestrel) ની મારી નોંધ

તા. ૪-૨-૧૯૯૦ના રોજ આવું એક પક્ષી બેરાચિયા ડેમ પર (તા. અબડાસા) નવીન બાપટ સાથે જોયેલ.

## ચાડવા રખાલમાં માખીમાર પક્ષીઓની નોંધ

તા. ૧૧-૧-૦૬ના રોજ, કમલ ભટ્ટ સાથે ચાડવા રખાલની (તા. ભુજ) મારી મુલાકાત વખતે નીચે મુજબનાં માખીમાર પક્ષીઓ (flycatchers) જોવા મળેલ. માખીમાર પક્ષીઓ કચ્છમાં અનિયમિત શિયાળુ મુલાકાતી છે.

૧. દૂધરાજ (Paradise Flycatcher)

અહીં એક માદા જોવા મળેલ. આ અગાઉ નીચેની જગ્યા પર આ પક્ષી જોવા મળેલ.

નિંગાળ રખાલ, તા.અંજાર, તા. ૧૧-૧૨-૭૭ તથા ૨૭-૯-૯૧ (માદા)

ચાડવા રખાલ, તા. ૨૩-૧-૮૩ (અપુખ્ત નર તથા ૧ માદા), તા. ૨૨-૩-૮૯ (૧ સફેદ રંગનો નર તથા ૧ માદા), તા. ૧૪-૧-૯૭ (૧ માદા).

૨. તરવરિયો માખીમાર (Greyheaded Flycatcher)

અહીં ૨ પક્ષીઓ જોવા મળેલ. અગાઉ મ.કુ. શ્રી હિંમતસિંહજીની વાડીમાં પ્રથમ વાર આ પક્ષી તા. ૨૫-૧૧-૮૯ના રોજ જોયેલ, જે ફરી પાછું તા. ૯-૧૧-૯૦ તથા ૧૨-૧૧-૯૦ના રોજ જોયેલું.

૩. બદામી માખીમાર (Asian Brown Flycatcher)

અહીં ૧ પક્ષી જોવા મળેલ. આ અગાઉ નીચેનાં સ્થળોએ આ પક્ષી જોયેલ.

ભીમસર તળાવ, તા. નખત્રાણા, તા. ૨૦-૧-૯૧ (૨ પક્ષીઓ)

ધીણોધર ડુંગર તા. નખત્રાણા, તા. ૩૦-૧-૨૦૦૦ (૨ પક્ષીઓ)

## પોલાડિયા પાંજરાપોળ પર પક્ષીઓની વિવિધતા

તા. ૨૨-૧૨-૨૦૦૫ના રોજ કચ્છના માંડવી તાલુકાના પોલાડિયા ગામની પાંજરાપોળમાં પ્રાણીના મૃતદેહો નાખવાની જગ્યાની મુલાકાત, મારા પક્ષીનિરીક્ષક મિત્રો મહમદ હુસેન ખત્રી તથા અશ્વિન પોમલ સાથે લીધેલ. અહીં અંદાજિત ૭૦૦૦ ઢોર હોઈ દરરોજ લગભગ એક બે ઢોર મૃત્યુ પામે છે. પરિણામે અહીં મૃતદેહોના માંસ પર સીધી કે આડકતરી રીતે આધારિત અનેક પક્ષીઓ જોયેલ, જેના વિષે જાણવું રસપ્રદ રહેશે.

આ દિવસે અહીં ૩૦ મૃતદેહો હતા, જેના પર ૧૦ કૂતરાં ઉપરાંત, નીચે મુજબનાં ૨૧ જાતનાં પક્ષીઓ જોવા મળેલ. તેમાંથી ૧૪ સ્થાનિક અને ૭ યાયાવર હતાં. રાજગીધ (King Vulture)- ૩, પહાડી ગીધ (Griffon Vulture)- ૧૫૦, સફેદપીઠ ગીધ (Whitebacked Vulture) - ૧૦૦, ખેરો (Egyptian Vulture) - ૧, લરજી (Kestrel) - ૧, દૂધિયો લટોરો (Grey Shrike)- ૧, મટિયો લટોરો (Rufousbacked Shrike)- ૧, કાગડો (House Crow) -૫, ગિરનારી કાગડો (Jungle Crow)-૧, કાળો કોશી (Black Drongo)- ૨૦, ઢોર બગલો (Cattle Egret) - ૬૦, ઘંટીટાંકણો (Hoopoe) - ૧, લરજી (Kestrel) - ૩, ટિટોડી (Redwattled Lapwing)- ૨, વગડાઉ ટિટોડી (Yellow-wattled Lapwing)-૬, કાબર (Common Myna)- ૧૦, ઘોડા કાબર (Bank Myna) - ૩, બ્રાહ્મણી કાબર (Brahminy Myna)-૧૦, દિવાળી ઘોડો (White Wagtail)-૩, મોટો કાબરો પિદ્દો (Pied

Wheatear)-૨, શ્યામકંઠ રણપિદ્દો (Desert Wheatear)- ૧.

## કચ્છમાં પક્ષીનિરીક્ષણ નોંધ

તા. ૮-૨-૨૦૦૬ની નખત્રાણા તાલુકાના છારીઢંઢની શ્રી જે.કે.તિવારી સાથેની મુલાકાત વખતે નીચે મુજબનાં અગત્યનાં પક્ષીઓ જોયેલ.

મસ્કતી લટોરો (Grey Hypocoleus) - ૯, શિયાળુ ટીસો (Longlegged Buzzard)- ૧, પરદેશી ઝુમ્મસ (Stepee Eagle) - ૧૨.

તા. ૯-૨-૨૦૦૬ની અબડાસા તાલુકાની શ્રી જે. કે. તિવારી સાથેની મુલાકાત વખતે નીચેનાં અગત્યનાં પક્ષીઓ જોયેલ.

| પક્ષીનું નામ | સ્થળ | સંખ્યા |
|---|---|---|
| કાબરો પિદ્દો (Pied Bushchat) | કાળા તળાવ | ૧ |
| રણપિદ્દો (Stolizcka's Bushchat) | નલિયા ઘાસિયા પ્રદેશ | ૨ |
| રેતચંડૂલ (Sand Lark) | પિંગળેશ્વરનો દરિયાકિનારો | ૨ |
| ઘોરાડ (Great Indian Bustard) | કુણાડિયા ઘાસિયો પ્રદેશ | ૭ (નર) |
| મોટો ઘુવડ (Great Horned Owl) | કોઠારા - વિંઝાણવચ્ચે | ૧ |
| શિયાળુ ટીસો (Longlegged Buzzard) | કુણાડિયા ઘાસિયો પ્રદેશ | ૨ |
| પરદેશી ઝુમ્મસ (Stepee Eagle) | કાળા તળાવ<br>કુણાડિયા ઘાસિયો પ્રદેશ | ૧<br>૨ |
| શિયાળુ સાંસાગર (Booted Hawk Eagle) | મોથાળા | ૧ |
| ઊજળી પટ્ટાઈ (Pale Harrier) | નલિયા ઘાસિયો પ્રદેશ | ૧ |

કચ્છમાં જુદી જુદી જગ્યાએ પક્ષીનિરીક્ષણ વખતે નીચે મુજબનાં અલભ્ય પક્ષીઓ જોયેલ.

| તા. | પક્ષીઓનું નામ | સ્થળ | સંખ્યા |
|---|---|---|---|
| ૨-૩-૦૬ | મસ્કતી લટોરો (Grey Hypocoleus) | છારીઢંઢ<br>ફુલાય રખાલ | ૫<br>૧૩ |
| ૧૨-૩-૦૬ | મસ્કતી લટોરો | છારીઢંઢ | ૪ (૧ નર,૧માદા) |
| ૧૯-૩-૦૬ | રણપિદ્દો (Stoliczka's Bushchat) | લાલા ઘોરાડ અભયારણ્ય | |
| ૧૨-૩-૦૬ | અધરંગ (Tickel's Blue Flycatcher) | ચાડવા રખાલ તા.ભુજ | ૧ નર |
| ૧૨-૩-૦૬ | નીલપંખો (Blacknapped Flycatcher) | ચાડવા રખાલ તા.ભુજ | |
| ૨૬-૨-૦૬ | શ્યામશિર શ્વેતકંઠ (Orphean Warbler) | ડાહાગામ તા.અબડાસા | ૧ |
| ૨૬-૨-૦૬ | કાળીડોક ઢોંક (Blacknecked Stork) | બાલાગામ, તા.અબડાસા | ૧ |
| ૧૨-૩-૦૬ | ફાટીચાંચ ઢોંક (Openbill Stork) | પ્રાગસર તળાવ, ચાડવા રખાલ | ૨ |
| ૧૯-૩-૦૬ | બદામી રણગોધલા (Indian Courser) | નલિયા ઘાસિયો પ્રદેશ | ૬ |
| ૧૨-૩-૦૬ | મત્સ્યભોજ (Osprey) | પ્રાગસર તળાવ, ચાડવા રખાલ | ૧ |
| ૧૯-૩-૦૬ | ધોળવો ઝુમ્મસ (Tawny Eagle) | નલિયા ઘાસિયો પ્રદેશ | ૩ |
| ૨-૩-૦૬ | પરદેશી ઝુમ્મસ (Stepee Eagle) | છારીઢંઢ | ૨ |
| ૧૯-૩-૦૬ | " | નલિયા ઘાસિયો પ્રદેશ | ૧ |

### ભુજમાં બે જાતની યાયાવર પેણ

તા. ૧૪-૨-૦૬ના રોજ ભુજના હમીરસર તળાવમાં ગુલાબી પેણ (૩૦૦) જોવા મળેલ. તા. ૧૫-૨-૦૬ના રોજ આ જ તળાવમાં ૩ ચોટીલીપેણ (Dalmatian Pelican) જોવા મળેલ.

**શાંતિલાલ વરૂ**

જૂના વાસ, મંદિરવાળો ખાંચો, માધાપર, ભુજ ૩૭૦૦૨૦

## એશિયન જળચર પક્ષીગણતરી ૨૦૦૬ દરમ્યાન જોવા મળેલ રસપ્રદ પક્ષીઓની નોંધ

| તા. | સ્થળ | પક્ષીનું નામ સંખ્યા સાથે |
|---|---|---|
| ૧૧-૧-૦૬ | હમીરસર તળાવ, ભુજ | ચોટીલી પેણ (૧૪) (Dalmatian Pelican) |
| ૨૨-૧-૦૬ | ટોપણસર તળાવ, | ચોટીલી પેણ (૦૩) |

| | | |
|---|---|---|
| | માંડવી | (Dalmatian Pelican) |
| ૨૨-૧-૦૬ | ટોપણસર તળાવ, માંડવી | ગુલાબી પેણ (૯૦) (Rosy Pelican) |
| ૨૨-૧-૦૬ | ગંગાનાળ, માંડવી | કાળીડોક ઢોંક (૧૦) (Blacknecked Stork) |
| ૧૧-૧-૦૬ | પ્રાગસર તળાવ, ચાડવા, તા.ભુજ | ફાટીચાંચ ઢોંક (૦૮) (Openbill Stork) |
| ૧૧-૧-૦૬ | " | સર્પગ્રીવ (૧૫) (Darter) |
| ૨૧-૧-૦૬ | કુકમા ગામ તળાવ | મોટી ચોટીલી ડૂબકી(૦૩) (Great Crested Grebe) |
| ૨૬-૧-૦૬ | આવજી તલાવડી, તા. ભુજ | ગિરજા બતક (૦૧) (Cotton Teal) |
| ૧૧-૧-૦૬ | દેવીસર તળાવ, તા.ભુજ | શ્વેતપૂંછ ટિટોડી (૦૨) (Whitetailed Lapwing) |
| ૨૧-૧-૦૬ | લેર ડેમ, તા.ભુજ | કાબરો રાજાલાલ (૧ નર) (Whitebellied Minivet) |

## સુરેન્દ્રનગર પાસે પક્ષીનિરીક્ષણ

તા.૨૯-૧-૦૬ના રોજ હું, ચીકુ વોરા, યોગેન્દ્ર શાહ, વિશાલ થોરિયા, ભવાનીસિંહ મોરી, પ્રશાંત ચાવડા તથા ડૉ. નવીન પટેલ, મોટા ઘુવડ (Great Horned Owl) ના માળાવાળી જગ્યા ઉપર માળા તથા બચ્ચાંના નિરીક્ષણ માટે ગયેલ હતા. બીજી ખાણોમાં બીજા બે માળા જોવા મળેલ, જેમાં એક માળામાં બે બચ્ચાં તેમ જ બીજા માળામાં એક બચ્ચું જોવા મળેલ. તે બચ્ચાની ઉંમર આશરે એક માસ ઉપરની હોય તેવુ મારું માનવું છે.

જે માળામાં એક બચ્ચું હતું તે માળો એકદમ ખુલ્લી જગ્યામાં હતો. બપોરના ૧૨ વાગ્યા પછી આખો દિવસ તડકો તેની ઉપર પડ્યા કરે તેવી જગ્યાએ માળો બનાવેલ હતો. અમે અમારા ૪ વર્ષના ઘુવડના માળાના નિરીક્ષણ દરમ્યાન આટલા તડકામાં માળો જોયો નથી. ઘુવડના જેટલા પણ માળા જોયા છે, તે થોડો તડકો તથા વધુ છાંયો આવતો હોય તેવી જગ્યાએ જોયા છે.

સાંજના ૫-૩૦ વાગે અમને એક ખાણમાંથી એક પુખ્ત વયનું ઘુવડ મરેલી હાલતમાં જોવા મળ્યું. તે બેઠા બેઠા મરી ગયું હોય તેવું લાગ્યું. જ્યારે અમે તે ઘુવડને જોયું ત્યારે તે ઊંધું પડેલું હતું અને તેના મોઢામાંથી કોઈ પ્રવાહીના ટીપાં પડતાં હતાં, તેમજ તેના નખમાં પક્ષીનાં પીછાં ચોટેલાં હતાં.

આ પહેલા પણ અમને આ વિસ્તારમાંથી એક પુખ્ત વયનું પક્ષી તેમજ બે બચ્ચાં, ઊડી શકે તેટલી ઉમરનાં, મરેલી હાલતમાં જોવા મળેલ. આ વિસ્તારમાં પથ્થર તોડવા માટે સતત 'બ્લાસ્ટીંગ' થતા હોવા છતાં આ વિસ્તારમાં મોટા ઘુવડ માળા તેમજ બચ્ચાં ઉછેરવાનું કાર્ય કરે છે.

૨૦૦૩થી આ વિસ્તારમાં ઘુવડના માળા તેમજ બચ્ચાં ઉછરતાં જોયા છે, તેમજ શક્ય તેટલી માહિતી એકત્ર કરેલ છે. અમારા અંદાજ પ્રમાણે આ વિસ્તારમાં લગભગ ૫ થી ૬ જોડી રહેતી હોય તેવું લાગે છે.

**ફારૂક ચૌહાણ**
લક્ષ્મીપુરા, દૂધરેજ રોડ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧

## ટપકીલી નાચણનો માળો

મારો પત્ર જોઈને આશ્ચર્ય થશે, પણ મારા ઘરના બગીચામાં હમણાં એક એવી ઘટના બની કે મને તમને લખવાનું મન થઈ ગયું. માર્ચ મહિનાના છેલ્લા રવિવારની સવારે હું મારી બાલ્કનીમાં ઊભી હતી, ત્યારે અચાનક મારી નજર મારા બગીચામાં ઉગેલી લીંબુડીની ડાળી પરના માળા પર પડી. સુંદર ગૂંથણીથી બનેલો, વાઈન ગ્લાસ કે કપ જેવા આકારનો માળો હતો. ઘાસની સળીઓની ઉપર કરોળિયાના જાળાંથી જાણે પ્લાસ્ટર કર્યું હોય તેમ જાળાનું પારદર્શક પડ હતું. એ ટપકીલી નાચણ (Whitespotted Faintail flycatcher)નો માળો હતો. પછી મેં, દિવસો સુધી માળાનું તથા ટપકીલી નાચણ અને તેનાં બચ્ચાંનું અવલોકન કર્યા કર્યું. દૂરથી, તેમને ખલેલ ના પડે એ રીતે મેં મારા મર્યાદિત 'ઝૂમ' ક્ષમતા ધરાવતા કેમેરાથી તસવીરો લેવાની કોશિશ કરી. ટપકીલી નાચણ જેવા ચંચળ પક્ષીને તસ્વીરોમાં પકડવું ખૂબ અઘરું છે. પંખાની જેમ પૂંછડીને અર્ધગોળાકારમાં ખોલ - બંધ કરવાની છટા બહુ મોહક હતી. આ સાથેની સી.ડી.માં થોડી તસવીરો તમને મોકલું છું. આશા રાખું છું તમને એ જોવામાં રસ પડશે તમારા માટે આ ઘટના કદાચ સામાન્ય હશે, પણ મારા માટે તો એ બધી પળો ઉત્તેજનાની હતી!

નીતિ દવે
ટી.બી. ૧૧, કાલિન્દી સોસાયટી, પશાભાઈ પાર્ક, રેસકોર્સ સર્કલ, વડોદરા-૩૯૦૦૦૭

## નવાબંદર ખાતે નિરીક્ષણ

તા. ૨૧-૫-૦૬ના રોજ ભાવનગરમાં 'બર્ડ કન્ઝર્વેશન સોસાયટી, ગુજરાત'ના ભાવનગર એકમનો એક કાર્યક્રમ નવાબંદર, મીઠાના અગરોમાં, પક્ષીનિરીક્ષણ માટે રાખ્યો હતો. 'સૌરાષ્ટ્ર સમાચાર'માં નગર નોંધમાં આ વિશે જાહેરાત કરી હતી. ૧૦ વ્યક્તિઓ કાર્યક્રમમાં જોડાઈ હતી. સવારે ૭-૦૦ થી ૧૦-૦૦ કલાક દરમ્યાન જુદા જુદા ૧૦ અગરોમાં નીચે યાદીમાં દર્શાવ્યા મુજબ પક્ષીઓ જોવા મળ્યા હતાં.

નાના હંજ (Lesser Flamingo) - ૭૦૦૦, મોટાં હંજ (Greater Flamingo) - ૩૫૦૦, નાની વાબગલી (Little Tern) - ૧, ધોળી વાબગલી (Gullbilled Tern) -૧, ઊલટીચાંચ (Avocet) -૨૫૦, દરિયાઈ બગલા (Reef Heron) -૧૩, સફેદ કાંકણસાર (White Ibis) -૨, ગજપાંવ (Blackwinged Stilt) -૫, વચેટ ધોળો બગલો (Median Egret) - ૩, ચમચા (Spoonbill) - ૧૦૦, નાની ઢોંગીલી (Lesser Sand Plover) - ૬૦, ટીલિયા (Ruff and Reeve) - ૫૦ (મોટા ભાગની તેના પ્રજનન પોપાક (Breeding plumage)માં હતી!!), નાનો લીલાપગ (Green Sandpiper) - ૧૦, કાણી બગલી (Pond Heron) - ૧, પીળીચાંચ ઢોંક (Painted Stork) - ૨, મોટી વાબગલી (Caspian Tern) - ૧.

## ભાવનગરમાં નવરંગ (Indian Pitta)

તા. ૨૬-૫-૦૬ના રોજ ભાવનગરમાં 'હિલડ્રાઈવ' વિસ્તારમાં શ્રી વિશ્વદિપસિંહ રાઓલના બંગલાના બગીચામાં તા. ૧૮-૫-૦૬થી એક નવરંગ રોજ દેખાતું હતું. હું તા. ૨૬-૫-૦૬ના રોજ જોવા ગયો ત્યારે એક નવરંગ દેખાયું. અડધા કલાકથી અમે અવલોકન કરતા હતા ત્યાં બીજુ નવરંગ આવ્યું!! શ્રી વિશુભાઈના અવલોકન મુજબ, તેઓએ માળો બનાવવાનો પણ પ્રયાસ કર્યો હતો. જૂનના પ્રથમ દિવસે જ વરસાદ થતાં નવરંગ દેખાતાં બંધ થયા.

આ અગાઉ મે, ૨૦૦૪માં પણ એક નવરંગ એ જ જગ્યાએ અઠવાડિયા માટે જોવા મળ્યું હતું અને એક પક્ષી અહીના સરદારનગર વિસ્તારમાંથી મરેલું મળ્યું હતું. મ.કુ. શ્રી શિવભદ્રસિંહજીના અવલોકન મુજબ એકાદ બે પક્ષી જોયેલ છે. અહીંના પીલગાર્ડનના પક્ષીઘરના રખેવાળ શ્રી જયંતિભાઈએ પણ ૨૦૦૨ના મેના અંતિમ અઠવાડિયામાં એક નવરંગ પીલગાર્ડનમાં જોયું હોવાનું જણાવ્યું. આ તમામ નોંધો જોતાં એમ જણાય છે કે, ભાવનગરમાં નવરંગનું અસ્તિત્વ અલ્પસંખ્યક પરંતુ નિયમિત છે. (ભાવનગર વિસ્તાર, સંદર્ભ ગ્રંથો મુજબ નવરંગનો વ્યાપ નથી ધરાવતો અથવા દુર્લભ છે).

## તરવરિયો માખીમાર (Greyheaded Flycatcher)

તા. ૨૬-૫-૦૬ના રોજ ભાવનગરમાં શ્રી વિશ્વદિપસિંહજીના બંગલે હું અને તેઓ પોતે નવરંગનું અવલોકન કરતા હતા. તેવામાં એક તરવરિયો માખીમાર આવ્યો. બગીચામાં છોડવાઓ ઉપર છાંટેલુ પાણી પીવા આકર્ષાયો હતો. બાજુમાં પીપળાના વૃક્ષ ઉપર ખૂબ જ ફળ બેઠાં હતાં તે ખાવા માટે લગભગ ૨૫-૩૦ કંસારા (Coppersmith) આવ્યા હતા તે બધા જ પાણી પીવા માટે અને નાહવા માટે છોડવા ઉપર ઊતર્યા. ત્યાં જ પેલો તરવરિયો માખીમાર આ કંસારા તરફ આવ્યો અને તેમને દૂર સુધી તગેડી મુક્યા !! મોટા ભાગના સંદર્ભ ગ્રંથો મુજબ તરવરિયો માખીમાર એ શિયાળુ પ્રવાસી પક્ષી છે, છતાં મે માસમાં ભાવનગરમાં દેખાયો !!

## વિક્ટોરિયા પાર્કમાં માળાવસાહત (heronry)

'વિંક્ટોરિયા પાર્ક', એ ભાવનગર શહેરમાં આવેલું એક 'રિઝર્વ ફોરેસ્ટ' છે. આ જંગલમાં વચ્ચે, એક અંદાજે ૩-૪ હેક્ટર વિસ્તારનું તળાવ છે. આ 'કૃષ્ણકુંજ' તળાવની વચ્ચે એક નાનો ટાપુ છે. તેની ઉપર દેશીબાવળ અને ગાંડાબાવળનાં વૃક્ષો છે. આ વૃક્ષો ખૂબ જ ગીચ છે, જે એક સુરક્ષિત, માળાવસાહત માટેની જગા પૂરી પાડે છે. ૨૦૦૩ના ઉનાળામાં પણ અહીં સારી વસાહત બની હતી. તળાવમાં જ્યારે પૂરતાં પ્રમાણમાં પાણી હોય ત્યારે જ અહી માળાવસાહત બને છે. સારું ચોમાસું હોય ત્યારે તળાવમાં પાણી ભરાય છે.

આ વર્ષે અહીની માળાવસાહતમાં આ મુજબ પક્ષીઓના માળા જોવા મળ્યા.

| **પક્ષીની જાતિ** | **માળાની સંખ્યા** |
|---|---|
| વચેટ કાજિયા (Indian Shag) | ૧૫૦ |
| નાના કાજિયા (Little Cormorant) | ૨૫ |

| | |
|---|---|
| મોટા કાજિયા (Large Cormorant) | ૫૦ |
| સર્પગ્રીવ (Darter) | ૪ |
| નાના બગલા (Little Egret) | ૨૫ અંદાજિત |
| વચેટ ધોળો બગલો (Median Egret) | ૨૫ અંદાજિત |
| રાત બગલો (Night Heron) | ૧૦૦ અંદાજિત |
| સફેદ કાંકણસાર (White Ibis) | ૫૦૦ અંદાજિત |
| ઢોર બગલા (Cattle Egret) | ૫૦ અંદાજિત |

આ જ તળાવમાં નાની ડૂબકી (Dabchick) ના ૧૦ માળા, ભગતડાં (Coot)ના ૪ માળા અને શ્વેતપંખ જલમાંજર(Pheasant tailed Jacana) ના ૨ માળા (જુલાઈ-૦૬) પણ જોવા મળ્યા. શ્રી વિશુભાના અવલોકન મુજબ, નવેમ્બર-૦૫ થી આજ સુધી એક પણ મહિનો એવો નથી કે કૃષ્ણકુંજ તળાવમાં નાની ડૂબકીના ૪-૫ માળા કાર્યરત ન હોય! તેમણે આ તમામ માળાની ફોટોગ્રાફી પણ કરેલ છે. 'Birds of Saurashtra'ની નોંધ મુજબ નાની ડૂબકીનો પ્રજનનકાળ જુલાઈથી સપ્ટેમ્બર છે! જ્યારે ગ્રિમીટ, ઈન્સ્કીપ તથા ઈન્સ્કીપના પુસ્તક મુજબ નાની ડૂબકીને સાનુકૂળ વાતાવરણ મળે તો આખું વર્ષ પ્રજનન કરે છે.

ડૉ. ઈન્દ્ર ગઢવી
પ્રાણીશાસ્ત્ર વિભાગ, સર પી.પી.ઈન્સ્ટી. ઑફ સાયન્સ, ભાવનગર

## આગિયા ચંડૂલ (Redwinged Bush Lark)નું પ્રજનન

"અમારી ક્રાઈસ્ટ કૉલેજ પાસેની નદીના કાંઠે કોઈ 'લાર્ક'નો માળો છે." રાજદીપ ઝાલાએ કહ્યું. તા. ૨૦-૧૦-૦૫એ ઊપડ્યા. સૂકા ઘાસના એક છોડને ઓઠે જાડા ઘાસનો ગૂંથેલો માળો. ઊભા ઘાસને ગૂંથી, માળા ઉપર ઘુમ્મટ (dome) પણ બનાવેલ હતો. આગિયા ચંડૂલના માળાની આ એક ખાસિયત છે. માળામાં ઊંઘરેટા બે સરસ બચ્ચાંને સતત ખવડાવવાનું ચાલું હતું.

ફરીથી તા. ૨૩-૧૦-૦૬ એ ગયો. મા - બાપ દ્વારા માળામાં બચ્ચાંને ખવડાવવાનું ચાલુ હતું. ફરી તા. ૨૭-૧૦-૦૫ના રોજ ગયો તો, એક બચ્ચાને બાજુની ઝાડી પર બેઠેલ જોયું ને એક બચ્ચું માળામાં હતું. ભૂષણભાઈને થયું હમણા તેને ખવડાવા આવે ત્યારે ફોટો પાડું. ત્યાં, ચાંચમાં જીવડું લઈ થોડે ઊંચે બાજુમાં આવી અને 'કૉલ' આપવા માંડી. આશ્ચર્ય વચ્ચે બચ્ચું ઊઠીને ઘાસ વચ્ચે લપાતું ચાલ્યું, ચાંચમાંનું પેલું જીવડું ખાવા તેની મા પાસે. પછી તો માળા પર પરત આવ્યું જ નહીં.

## માખીમાર (flycatchers) ની ચાર પ્રજાતિ એક સાથે

સુરતથી આવેલ શ્રી મુકેશ ભટ્ટને રાજકોટની ફરતે આવેલ જળાશયો બતાવ્યા. બપોરે એકાદ વાગ્યે આજી-૨ પર એક હજાર જેટલા ટીલિયા (Ruff) જોયા પછી ડેમ નજીકમાં આવેલ માળાવસાહત હતી તે સ્થળે લઈ ગયો. પગ મૂકતાં જ 'કૉલ' સાંભળી મુકેશભાઈ તરત બોલ્યા. "આ તો તરવરિયો માખીમાર (Greyheaded Flycatcher)." તુરંત ઘટામાં શોધ્યો પણ ખરો. આવી જ રીતે ત્યાં ખૂબ જ ઊંચા ગોરસ આંબલી, પેલ્ટાફોરમ અને કાસીદનાં વૃક્ષોમાં પ્રવૃત્ત ચટકી માખીમાર (Redbreasted Flycatcher), બદામી માખીમાર (Brown Flycatcher), અને અધરંગ (Tickell's Blue Flycatcher) એટલામાં જ મળી ગયા. જંગલ વિસ્તારનાં આ માખીમારો અહીં રાજકોટમાં જ મળી જતાં આનંદિત થઈ ગયા.

## સમૂહભોજન

તા. ૨૫-૧૨-૦૫ના વહેલી સવારે હું અને ગિરિરાજસિંહ રાઓલ જ્યારે ઈશ્વરિયા તળાવ પહોંચ્યા ત્યારે દૃશ્ય સુંદર હતું. ૧૦૦ જેટલી પેણ ખૂબ જ નજીકમાં હારમાં તરી રહી હતી. તેમાંથી ૧૫ ચોટીલી પેણ (Dalmatian Pelican) હતી. થોડી વાર પછી કાંઠાની નજીક આવી માછલી પકડવા લાગી. નજીકમાં જ ૫૦ જેટલી વા - બગલી (terns) પણ મંડરાતી પાણીમાંથી માછલીઓ ઝડપતી હતી. ત્યાં કાજિયાઓ પણ પેણ સાથે જોડાયા. ડૂબકીઓ મારવા લાગ્યા દૃશ્ય ખરેખર યાદગાર હતું!

## કાળીડોક ઢોંક અને મોટાં હંજ

ગયા વર્ષના સારા વરસાદે ઉનાળે પણ ઈશ્વરિયા તળાવમાં પાણી હતું. આથી મોટા હંજ (Greater Flamingo) નો વસવાટ ત્યાં હતો. તા. ૨-૪-૦૬ના રોજ લગભગ ૩૦૦ની સંખ્યામાં હંજ હતાં. તેમાંય તળાવના એક કાંઠેથી દૂર બેટડે જવા માટે તેઓ એક જ હારમાં શિસ્તબધ્ધ તરીને જતા જોઈ મજા પડી ગઈ. ગડેરા (Godwit)માં સરસ રંગો પુરાઈ ગયેલા.

તા. ૧૭-૫-૦૬ના ફરી ઈશ્વરિયા જતાવેંત એક કાળીડોંક ઢોંક (Blanecked Stork) તળાવ વચ્ચે સ્થિર

ઊભેલો જોયો. વચ્ચેના એક ઝાડે બે ચમચા (Spoonbill) એક માળા પાસે હતા. તા. ૧૬-૭-૦૬ના રોજ ઈશ્વરિયા તળાવની વચ્ચે ઊભેલા રામ-બાવળના ઝૂંડ તરફ મોટા કાજિયા (Large Cormorant) ઊડાઊડ કરતા હતા. દૂરબીનથી જોયું તો સાંઠીકડા લઈ તેની ગયા વર્ષની માળા વસાહતની મરામત શરૂ કરી દીધી હતી.

તા. ૧૯-૫-૦૬ના રોજ મચ્છુ ડેમ પર ૧૦ સારસ, દર ઉનાળાની જેમ અચૂક હાજર હતા.

**અશોક મશરૂ**

એ/૭, આલાપ હેરીટેજ, કાલાવાડ રોડ, રાજકોટ ૩૬૦૦૦૧

## મંકોડા માટે હરિફાઈ

તા. ૨-૬-૦૬ના રોજ એક મિત્રને ત્યાં લગ્નપ્રસંગ દરમ્યાન માંડવા (મંડપ) ઉપર બાંધેલ વાંસની કાથીની દોરીમાંથી સિપાહી બુલબુલ (Redwhiskerd Bulbul) કંઈક શોધી રહ્યું હતું. અડધી મિનિટની મથામણમાં તેને નિષ્ફળતા મળી અને તે ઊડી ગયું. થોડી વારમાં એક દરજીડો (Tailor Bird) આવ્યો અને એ જ દોરીમાંથી આઠ (૮) મંકોડાં શોધીને બહાર કાઢયા અને અવાજ કરતાં ત્યાં અન્ય ચાર દરજીડા નજીકના સાયકસના છોડમાંથી નીકળી આવ્યાં. આ મિજબાની ન સાંખી શકતાં, નિષ્ફળ ગયેલ સિપાહી બુલબુલ તરત જ ત્યાં અન્ય બે મિત્રોને લઈને આવ્યું. તેમણે દરજીડાના જૂથને ત્યાંથી હાંકી કાઢયું અને નિરાંતે મિજબાની માણી!

## ચકલીને મળ્યું તેનું નવું ઘર : હાફપેન્ટમાં!

તા. ૧૨-૮-૦૬ની સાંજે મારા પાડોશીએ મને બોલાવ્યો અને માળો બતાવ્યો. એ ચકલી (House Sparrow)નો માળો હતો. માળામાં સૂકું ઘાસ, સાવરણીના રેસા, સૂતળીની દોરી, પતંગની દોરી, ગાંડાબાવળની લાકડી, પીછાં, રૂ વગેરે હતાં. ખાસ તો માળા અંગે અચરજ પમાડે એવી બાબત એ હતી કે આખો માળો માત્ર સવારથી સાંજ સુધીમાં બનાવ્યો હતો. સવારે ધોઈને સૂકવવા નાખેલ હાફપેન્ટ (ટૂંકી ચડ્ડી)માં સાંજ સુધીમાં માળો તૈયાર હતો. માળાની નજીક અવલોકન કરતી વખતે નર-માદાને જાણે ખલલે પડતી હોય એમ અવાજ કરતાં હતાં. મિત્ર વિરલ પ્રજાપતિએ તા. ૧૩-૮-૦૬ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે આવી તેના ફોટા લીધા હતા.

**દર્શન જરદોષ**

૧૭૯, સારસ્વતનગર સો., લેક વ્યુ, ગાર્ડન સ્ટ્રીટ, ડુમસ રોડ, પીપલોદ, સુરત-૩૯૫૦૦૭

## પાણીકાંઠાનાં પક્ષીઓનું જખૌના દરિયાકિનારે પક્ષીનિરીક્ષણ

તા. ૭-૫-૦૬ના રોજ મારા પક્ષીનિરીક્ષક મિત્રો ત્રિલોચન છાયા તથા અશ્વિન પોમલ સાથે જખૌ બંદરની મુલાકાત લીધેલ. ઋતુ પ્રવાસી પક્ષીઓનો વળતા પ્રવાસનો સમય હોઈ અહીં ઉનાળુ પોષાકમાં આ પક્ષીઓ જોવા મળશે તેવી અપેક્ષાથી જ આ કાર્યક્રમ યોજેલ.

જખૌનું મીઠાના અગરનું તળાવ અનેક પાણી કાંઠાનાં પક્ષીઓને આકર્ષે છે. જખૌ એ પશ્ચિમના કિનારા પરનું બંદર છે અને શિયાળામાં આ બંદર મચ્છીમારીથી ધમધમે છે.

અહીંના મીઠાંના અગરના તળાવમાં નીચે મુજબનાં યાયાવર પક્ષીઓ જોયા.

નાની ઢોંગીલી (Lesser Sand Plover) ૪, કાળા પગ કીચડિયો (Little Stint) ૧૦, શ્વેતપીઠ કીચડિયો (Curlew Sandpiper) ૧૦, દરિયાઈ તૂતવારી (Terek Sandpiper) -૧, મોટી બાટણ (Grey Plover) - ૩, શ્યામશિર ધોમડો (Blackheaded Gull) - ૫, ધોળી વા બગલી (Gullbilled Tern) - ૨, શિયાળુ નાની ડૂબકી (Blacknecked Grebe) - , કાળાપેટ કીચડિયો (Dunlin) -૧૦.

વળી અહીં નીચે મુજબનાં સ્થાનિક પક્ષીઓ પણ જોયાં.

કબૂત બગલો (Grey Heron) -૩, મોટો ધોળો બગલો (Large Egret) -૫, દરિયાઈ બગલો (Indian Reef Heron) -૪, પીળીચાંચ ઢોંક (Painted Stork)-૧, કાળીડોક ઢોંક (Blacknecked Stork) - ૩, ચમચો - (Spoonbill) ૫૦, મોટો હંજ (Greater Flamingo) ૩૦૦+, ગજપાંઉ (Blackwinged Stilt) -૫, મોટો ચકવો (Great Stone Plover) - ૩, નાની વાબગલી (Little Tern) - ૩, ભગવી સમડી (Brahminy Kite) -૧.

પાણી કાંઠાનાં પક્ષીઓ સિવાયનાં રેતચંડૂલ (Sand

Lark) -૨ તથા મોટો ચંડૂલ (Crested Lark) -૩ પણ અહીં જોવા મળેલ. નાની ઢોંગીલી, કાળાપેટનો કીચડિયો, શ્વેતપીઠ કીચડિયો, કાળાપગ કીચડિયો, દરિયાઈ તૂતવારી, મોટી બાટણ, તથા શિયાળુ નાની ડૂબકી આ સર્વ પક્ષીઓ ઉનાળુ પોષાકમાં જોવા મળેલ તેથી ખૂબ જ આનંદ આવેલ.

## સફેદ કાંકણસારના 'મેનુ'માં ખાવાની નવી 'આઈટમ'!

પોલાડિયા, તા. માંડવી મુકામે મરેલા પ્રાણીના મૃતદેહો નાંખવાની જગ્યા પર તા. ૨૯-૫-૦૬ના રોજ ૨ સફેદ કાંકણસારને જોઈને નવાઈ લાગેલ. પાણીકાંઠાનાં પક્ષી, સફેદ કાંકણસાર આવી રીતે મૃતદેહો પર ખાતી હોય તેવું મેં અગાઉ જોયું નથી અને કોઈ સાહિત્યમાં વાંચેલ નથી. ફરી પાછી તા.૨૩-૭-૦૬ની મુલાકાત વખતે અહીં જ ૪ સફેદ કાંકણસાર જોયેલ. અહીં અગાઉ ગીધ આવતાં હતાં ત્યારે ક્યારે પણ આ પક્ષી જોવા મળેલ નથી. જંગલખાતા તરફથી અહીં વાયર ફેન્સીંગ બંધાયા બાદ ગીધ આવતાં ઓછા થયેલ છે. એક-બે નજરે પડે તો તે વાડ બહાર જોવા મળે છે.

## અધરંગ (Tickell's blue Flycatcher) ના પ્રજનનની કચ્છમાં પ્રથમ નોંધ

તા. ૨૮-૭-૦૬ના રોજ ભુજ તાલુકાના સામત્રા નજીક આવેલ ચાડવા રખાલની મુલાકાત લીધી . ત્યાં અધરંગની જોડી જોવા મળી. તેમાંથી એક પક્ષીને ત્યાં આવેલા ખંડેરમાં જતા જોયું. તેથી કુતુહલ થયું. ત્યાં નિરીક્ષણ કરતાં ખંડેરના ગોખલામાં તેનો માળો જોયો, જે ઘાસમાંથી બનાવેલ અને પ્યાલા આકારનો હતો. તેમાં બે બચ્ચાં હતાં, જે મોટા થઈ ગયેલા જણાયા.

આ અંગેનું સાહિત્ય વાંચતા જાણવા મળેલ કે, આ પક્ષી કચ્છમાં શિયાળુ મુલાકાતી છે. કચ્છમાં સર્વ પ્રથમ તેને મ.કુ. શ્રી હિંમતસિંહજીએ વિજયવિલાસ, માંડવી ખાતે તા. ૨-૧-૧૯૬૬ના અને શ્રી શાંતિલાલ વરૂએ તેને સુતેશ્વર (તા.ભુજ) પાસે ૧૩-૧૦-૧૯૯૧, ૨૩-૩-૦૩ અને ૧૨-૩-૦૬ના જોયેલ. આમ આ પક્ષી કચ્છમાં શિયાળામાં મુલાકાત લે છે, પરંતુ પ્રજનન કરતા નોંધાયેલ નથી, તેથી આ પ્રજનનની પ્રથમ નોંધ ગણાય.

તા. ૩-૮-૦૬ના રોજ ફરી વાર આ સ્થળની મુલાકાત શ્રી શાંતિલાલ વરૂ સાથે લીધી. ત્યારે માળો ખાલી જણાયો. અને આસપાસ નિરીક્ષણ કરતા પક્ષી કે તેના બચ્ચાં નજરે પકડ્યા નહીં.

**મૌલિક શાંતિલાલ વરૂ**

ભુજ

## કચ્છમાં વિવિધ પક્ષીઓનું અવલોકન

કચ્છમાં જુદી જુદી જગ્યાએ પક્ષીનિરીક્ષણ વખતે નીચે મુજબના મહત્વનાં પક્ષીઓ જોવા મળેલ.

| પક્ષીનુંનામ | તા. | સ્થળ | સંખ્યા |
|---|---|---|---|
| મોટી ચોટીલી ડૂબકી (Great Crested Grebe) | ૨૩-૪-૦૬ | કુકમા ગામ--તળાવ | ૧ |
| | ૨૭-૫-૦૬ | " | ૧ |
| | ૨૦-૭-૦૬ | દેવીસર ડેમ, તા. નખત્રાણા | ૧ |
| ફાટીચાંચ ઢોંક (Openbill Stork) | ૧૧-૬-૦૬ | પ્રાગસર તળાવ ચાડવા, તા. ભુજ | ૩ |
| | ૨૦-૭-૦૬ | નિરોણાડેમ તા. ભુજ | ૧૦ |
| સર્પગ્રીવ (Darter) | ૨૩-૭-૦૬ | ભીમાસર ગામ--તળાવ, તા.અંજાર | ૧૨ |
| | ૧૧-૬-૦૬ | પ્રાગસર તળાવ, ચાડવા | ૧૨ |
| મોટાં હંજ (Greater Flamingo) | ૧૧-૬-૦૬ | જખૌના મીઠાના અગર, તા. અબડાસા | ૨૦ |
| નાની કાંકણસાર (Glossy Ibis) | ૨૫-૬-૦૬ | એડમન્ડ લેક, તા. ભુજ | ૭ |
| | ૨૮-૭-૦૬ | દેવીસર તળાવ તા. ભુજ | ૨૭ |
| નકટો (Comb Duck) | ૨૩-૭-૦૬ | ભીમસર તળાવ તા. નખત્રાણા | ૧૧ |
| | ૨૩-૭-૦૬ | રુદ્રમાતા ડેમ તા. ભુજ | ૨ |
| નાની સિસોટી બતક (Lesser Whistling Teal) | ૧૧-૬-૦૬ | પ્રાગસર તળાવ, ચાડવા | ૯૦ |
| | ૨૫-૬-૦૬ | એડમન્ડ લેક | ૧૫૦ |
| શ્વેતપાંખ જલમાંજર (Pheasant-tailed Jacana) | ૨૩-૪-૦૬ | કુકમા ગામ--તળાવ | ૨ |

| | | | |
|---|---|---|---|
| | ૨૭-૫-૦૬ | " | ૧૦ |
| રેખાવાળી સુગરી (Streaked Weaver Bird) | ૨૯-૭-૦૬ | નાની નાગલપર, તા. અંજાર (વાડીમાં આવેલ ચિયામાં) | ૧૦ |
| મોટો ઘુવડ (Great Horned Owl) | ૨૭-૫-૦૬ | પાલાર ધુનો | ૧ |
| મધિયો બાજ (Honey Buzzard) | ૨૮-૫-૦૬ | મોટી મંઉ તા.માંડવી | ૧ |
| | ૨-૬-૦૬ | મોટી વિરાણી તા. નખત્રાણા | ૨ |
| | ૧૬-૭-૦૬ | ચંચળ હનુમાન વાડી, માધાપર | ૧ |
| | ૨૩-૭-૦૬ | ચાડવા રખાલ, તા.ભુજ | ૨ |
| | ૨૩-૭-૦૬ | ગઢસીસા, તા. માંડવી | ૧ |
| ચાતક (Pied Crested Cuckoo) | ૨૯-૭-૦૬ | મોસણા રખાલ, તા. નખત્રાણા | ૧ |
| કાળો તેતર (Black Partridge) | ૨૩-૭-૦૬ | મોરજર, તા. નખત્રાણા | ૧ |
| રેતચંડૂલ (Sand Lark) | ૧૧-૬-૦૬ | પીંગળેશ્વરનો દરિયાકિનારો | ૧ |
| ચકવો (Stone Curlew) | ૨૩-૭-૦૬ | ચાડવા રખાલ, તા. ભુજ | ૩ |
| દૈયડ (Magpie Robin) | ૨૩-૭-૦૬ | ચાડવા રખાલ, તા. ભુજ | ૧ |
| | ૩-૯-૦૬ | " | ૧ |
| અધરંગ (Tickell's Blue Flycatcher) | ૨૩-૭-૦૬ | ચાડવા રખાલ, તા. ભુજ | ૧ |

## કચ્છમાં પક્ષીઓના પ્રજનનની માહિતી

| પક્ષીઓનું નામ | તારીખ | સ્થળ | સંખ્યા | માળાની સંખ્યા (નોંધ) |
|---|---|---|---|---|
| સુગરી (Baya Weaver Bird) | ૨૯-૫-૦૬ | પાલાર ધુનો | ૯-૧૦ | ૪૦. (માળા બાંધવાની પ્રવૃત્તિ ચાલુ) |
| | ૨-૬-૦૬ | મોટી વિરાણી તા. નખત્રાણા | ૧૫ | ૧૦. (બચ્ચાંને ખવડાવવાની પ્રવૃત્તિ ચાલુ) |
| ઢોરબગલા (Cattle Egret) | ૯-૬-૦૬ | ભુજ (હમીરસરતળાવ આજુબાજુ જુદાં જુદાં વૃક્ષો પર | ૨૦૦ | ૧૦૫. (ઈંડાં સેવવાની પ્રવૃત્તિ ચાલુ) |
| | ૧૧-૬-૦૬ | વાંઢાય, તા. ભુજ, બંધવાળો ચેકડેમ જુદા જુદા પરદેશી બાવળ પર | ૮૦૦ | ૭૦૦. (ઈંડાં સેવવાની પ્રવૃત્તિ ચાલુ) |
| ચકલી (House Sparrow) | ૨-૬-૦૬ | મોટી વિરાણી (સેન્ટર ફૉર ડેઝર્ટ એન્ડ ઓસનના પ્રાંગણમાં) | ૬ | ૩. (બચ્ચાંને ખવડાવવાની પ્રવૃત્તિ ચાલુ) |
| સૂડો પોપટ (Roseringed Parakeet) | ૨૫-૬-૦૬ | ભોયણ નદી તા. નખત્રાણા | ૧૦ | ૪ |
| ગજપાઉં (Blackwinged Stilt) | ૨૩-૭-૦૬ | દેવીસર તળાવ તા. ભુજ | ૧૫ | ૬. (નાના ટાપુ પર, ઈંડાં સેવવાની પ્રવૃત્તિ ચાલુ) |

**શાંતિલાલ વરૂ**
જૂના વાસ, મંદિરવાળો ખાંચો, માધાપર, ભુજ ૩૭૦૦૨૦

*

# ગીધ પર જાપતો



## અમદાવાદમાં ગીધનું નિરીક્ષણ

મારા અમદાવાદના મુકામ દરમિયાન ગીધનું અવલોકન કરેલ છે. આ લખું છું, ત્યારે ઘરની બહાર બે સફેદપીઠ ગીધ આકાશમાં ચકરાવા મારે છે!!

ઘરમાં જ વાવેલી લીબુંડીમાં શક્કરખોરા (Purple Sunbird) નો માળો છે, જેમાંથી બચ્ચાં લગભગ ઊડવાની તૈયારીમાં છે!

**સફેદપીઠ ગીધ** (Whitebacked Vulture)

| સ્થળ | તારીખ | સંખ્યા |
|---|---|---|
| પાલડી બસ સ્ટેન્ડ | ૨૨-૧૦-૦૫ | ૨ |
| હોટેલ ફૉર્ચ્યુન લેન્ડમાર્ક, ઉસ્માનપુરા | ૧૩-૧૧-૦૫ | ૨ |
| મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી | ૨૮-૧૧-૦૫ | ૧ |
| મ્યુનિસિપલ માર્કેટ, સી. જી. રોડ | ૨૬-૧૨-૦૫ | ૩ |
| મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી | ૨૨-૨-૦૬ | ૩ |

**ધૈવત હાથી**
૧/૧૦, એસ્ટોન સો., અમીન માર્ગ, કાલાવડ રોડ, રાજકોટ

## ગિરનારમાં ગીધના માળા

હોળીના દિવસે ગિરનારના પગથિયાં ૨૯૫૦૦-થી સામેના ભાગમાં ગીધના ૭ જેટલા માળા જોવા મળ્યા હતા. જેમાં ગીધનાં ૧૪ બચ્ચાં જોયા હતાં. આનંદ થયો.

**રમેશ રાવલ**
સિંહદર્શન હોસ્પિટલ પાસે, દીવ-૩૬૨૫૨૦

## કચ્છમાં ગીધનિરીક્ષણ

* - તા. ૧-૧-૦૬ના રોજ પાલાર ધુના, તા. નખત્રાણા ખાતે ૪ ગિરનારી ગીધ (૧ અપકવ) જોયેલ. ૨ પુખ્ત પક્ષી ઈંડાં સેવતાં હોય તેમ લાગ્યું.

* - તા. ૨૯-૧-૦૬ના રોજ નીચે પ્રમાણે ગીધ જોયેલ.

**સફેદપીઠ ગીધ** (Whitebacked Vulture) :

(૧) પોલાડિયા ઢોરવાડો, તા. માંડવી -૪૦, (૨) સુથરી, તા. અબડાસા - ૬, માળાની પ્રવૃત્તિ ચાલુ છે. (૩) કોઠારા, તા. અબડાસા - ૧૬, માળાની પ્રવૃત્તિ ચાલુ છે. (૪) જખૌ, તા. અબડાસા - ૭, માળાની પ્રવૃત્તિ ચાલુ છે.

**ગિરનારી ગીધ** (Longbilled Vulture) :

(૧) પોલાડિયા ઢોરવાડો - ૨, (૨) પાલાર ધુના - ૨ માળાની પ્રવૃત્તિ ચાલુ છે.

- તા. ૯-૨-૦૬ના રોજ ભીટારા તા. અબડાસામાં - ૧ સફેદપીઠ ગીધ ઊડતું જોયેલ.

- તા. ૨૬-૨-૦૬ના રોજ નીચે પ્રમાણે ગીધ જોયેલ.

**પહાડી ગીધ** (Griffon Vulture) :

- ૧, જખૌ, તા. અબડાસા

**સફેદપીઠ ગીધ :**

(૧) નાના બિલેશ્વર, તા. અબડાસા - ૨ (૨) વાકુ, તા. અબડાસા - ૪, (૩) સુથરી, તા. અબડાસા - ૫, માળાની પ્રવૃત્તિ ચાલુ છે. (૪) ડુમરા, તા. અબડાસા -૨, માળાની પ્રવૃત્તિ ચાલુ છે. (૫) કોઠારા, તા. અબડાસા - ૨૪, માળાની પ્રવૃત્તિ ચાલુ છે. (૬) જખૌ, તા. અબડાસા - ૯.

- તા. ૭-૩- ૦૬ના રોજ નીચે પ્રમાણે ગીધ જોયેલ.

- તા. ૧૨-૩-૦૬ના નીચે મુજબ ગીધ જોયેલ.

**પહાડી ગીધ** પાલાર ધુના - ૨

**સફેદપીઠ ગીધ**

(૧) પાલાર ધુના - ૧, (૨) કોટડા સન મહાદેવ, તા. અબડાસા -૨

**ગિરનારી ગીધ**

પાલાર ધુના, - ૬, માળાની પ્રવૃત્તિ ચાલુ છે.

**પહાડી ગીધ :** પોલાડિયા ખેરવાડા - ૧૨

**સફેદપીઠ ગીધ :** (૧) પોલાડિયા ખેરવાડા - ૮, (૨) મોટી મંઉ તા. માંડવી - ૨, માળાની પ્રવૃત્તિ ચાલુ (૩)

મોટી મંઉ, પોલાડિયા વચ્ચે - ૨.

* - તા. ૧૯-૩-૦૬ના રોજ નીચે મુજબ ગીધ જોયેલ.

**પહાડી ગીધ :** કોઠારા તા. અબડાસા (૨)

**સફેદપીઠ ગીધ :** (૧) કોઠારા - ૧૯, માળા નજીક તથા આકાશમાં ઊડતાં (૨) સુથરી, તા. અબડાસા - ૨, મકાન પર માળા (૩) જખૌ તા.અબડાસા - ૫, મકાન પર માળા (૪) ડુમરા, તા. અબડાસા - ૨, વાડીમાં માળા (૫) સાંધાણ તા.અબડાસા (૦૩) વાડીમાં માળા.

**શાંતિલાલ વરૂ**
ભુજ

## ગીધ ઉપર એક અહેવાલ

તા. ૨૩-૬-૦૬ના રોજ સવારે ૯-૩૦ વાગ્યે મારા 'મોબાઈલ' પર રીંગ આવી. મોટા આસરાણાથી ગાહા યુનુસની કહે, "સાહેબ, થોડા ગીધ અહી ઊડે છે. ત્યાર બાદ, હું ૧૦-૩૦ વાગ્યે આસરાણા પહોંચ્યો. જોયું તો ઘણાં ગીધ ચક્કર મારતાં હતાં. અમુક 'લેન્ડીંગ' કરી રહ્યાં હતાં. ગણતરી કરી ૫૬નો આંકડો થતાં, મેં ભાવનગરના ડૉ. આઈ. આર. ગઢવીને 'મેસેજ' આપ્યો. તે ખૂબ રાજી થયા, કારણ એક નવું લોકેશન પ્રાપ્ત થયું. પછી હું શાળાએ પહોંચ્યો. બાજુના ગામમાંથી ફોટોગ્રાફર બોલાવ્યો અને વિદ્યાર્થીઓની ટીમ બનાવી જ્યાં ગીધનો મુકામ હતો ત્યાં 'મિનિટૂર' લઈને ઊપડ્યો. અનેરો ઉત્સાહ હતો, કારણ શાળાનાં બાળકો આજે લુપ્ત થઈ રહેલી ગીધની જાતને પ્રથમ વાર રૂબરૂ નજીકથી નિહાળવાના હતા! ૧૧-૨૫ વાગ્યે પહોંચ્યા તો ત્યાં ૫૭ ગીધ જોયા. બાળકો ખુશ ખુશ થઈ ગયા. વાત અહી પૂરી થતી નથી. જોતાં હતાં ત્યાં ગીધ ઊડ્યાં અને અડધો કિ.મી. દૂર પાછા ઊતર્યા. પછી વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી કરી હું, થોડા વિદ્યાર્થીઓ અને ફોટોગ્રાફર ત્યાં પહોંચ્યા. એક નાની તળાવડીને કાંઠે અદ્ભુત દૃશ્ય જોઈ આનંદનો પાર ન રહ્યો, કારણ પાણીના કાંઠે એક સાથે ૧૦૭ ગીધ બેઠેલાં જોયા! થોડા આસપાસ હતા. ૧૦ ગીધ ઊડતાં હતાં. વિદ્યાર્થીઓને સફેદપીઠ ગીધ, ગિરનારી ગીધ અને બચ્ચાંની ઓળખ આપી. આમ ગીધના ૧૧૭ આંકડાની માહિતી ફરી ડૉ. આઈ.આર. ગઢવીને આપી. આટલી સંખ્યા એક સાથે સાંભળી તેઓ પણ નવાઈ પામ્યા. આમ શાળાના 'ઈકો ક્લબ ઈન્ચાર્જ'ને નાતે વિદ્યાર્થીઓને વિશિષ્ટ પક્ષીદર્શન કરાવ્યું.

હવે બધાં વિદ્યાર્થીઓ ગીધને જાણતા હતા. ફરી તા. ૧૭-૭-૦૬ના સવારે ૧૦-૪૫ વાગ્યે બે વિદ્યાર્થીઓ સિસારા રાજેશ અને સિસારા રાકેશ બાજુના સારદિકા ગામમાંથી પરસેવે રેબઝેબ થઈને આવ્યા...., "સા...હે...બ. અમારા ગામમાં 'લાટ' બધા ગીધ આવ્યાં છે!" મારી પાસે વાહન ન હતું તેથી સાયકલ લઈ તેની સાથે ગયો. ૪ કિ.મી. પછી ગીધને ઊડતાં જોયા. નજીક ગયા ત્યાં બે વડલા ઉપર અલગ - અલગ ૫૭ ગીધ જોયા અને ૩૭ ઊડતાં જોયા. આમ ૯૪ ગીધ ફરી જોયા તેમાં પણ સફેદપીઠ, ગિરનારી અને બચ્ચાં હતાં.

ગભરુભાઈ ગઢવી જેઓ માલઢોર ચરાવે છે તેને મળ્યો. બધી માહિતી પ્રાપ્ત કરી. તેમના કહેવા મુજબ ઘણી વાર ગીધ દેખાય છે. આ ગીધ બે દિવસથી અહી છે. અમુક રાત્રે રોકાયા હતાં અમુક જતા રહ્યા હતાં. રાત્રિ રોકાણમાં બે વડલા અને એક આંબલી પસંદ કર્યા હતાં.

હું થોડા સમય પહેલા છાપરીયાળી પાંજરાપોળમાં તપાસ કરવા ગયેલ તો જાણ્યું કે, ત્યાં ઘણા સમયથી ગીધ આવતા બંધ થઈ ગયા છે. એટલે એવા નિષ્કર્ષ પર આવી શકાય કે ત્યાં તેને મુશ્કેલી પડતી હોય તેથી નવું 'લોકેશન' શોધ્યું હોય. આ 'લોકેશન' પ્રથમ વાર ધ્યાન પર આવેલ હોય તો આ વિસ્તારમાં આ બાબતે કાર્ય થાય, જાગૃતિ આવે તો ઘણું થઈ શકે. (આ ગીધ રાજુલા અને મહુવાના છે, તેવું જાણવા મળ્યું છે.)

'વલ્ચર સેલ', બી.સી.એસ.જી.ના કાર્તિકભાઈ અહીં આવેલ ત્યારે તે ચર્ચાસભામાં હાજરી આપી હતી. રૂચિબેન દવે, ચિરાગ કોટડિયા, ભાવેશ બાલધિયા વગેરેએ તસવીર જોઈ તેમની ખુશી વ્યક્ત કરેલ. આ ક્ષેત્રમાં લાવનાર ડૉ. પી.પી. ડોડિયા સાહેબનો પણ હું આભાર વ્યક્ત કરું છું.

**અશ્વિનભાઈ યુ. રાજગુરૂ**
"સારંગ" નરેશ ટેનામેન્ટ બ્લોક નં.૧૧, શ્રીજીનગર પાસે, મહુવા,
જિ. ભાવનગર ૩૬૪૨૯૦

## આખાખોલ પાંજરાપોળમાં ગીધની ગેરહાજરી

છેલ્લા ત્રણ માસથી નિયમિત આખાખોલ પાંજરાપોળ પર જઈને અમે નિરીક્ષણ કર્યું હતું. આ સમય દરમ્યાન અમે ત્યાં લગભગ છ વખત ગયા અને આશ્ચર્યની વાત તો એ હતી કે ત્યાં મૃત જાનવરોને ખાવા એક પણ ગીધ

આવતું ન હતું. દરરોજનાં આશરે ૩ થી ૪ મરેલાં પશુ ત્યાં નાખવામાં આવે છે. આજથી ૨ વર્ષ પહેલા આ જ જગ્યા પર લગભગ ૧૮૦ જેટલાં ગીધ જોવા મળતાં હતાં.

હવે આ જગ્યા પર ખૂબ જ ચહલપહલ ચાલુ થઈ ગઈ છે. આ જગ્યા પર વિશાળ વીજળીમથક ઊભું થઈ રહ્યું છે અને માટીનું ખોદકામ ચાલુ રહેવાના કારણે ત્યાં અવરજવર ખૂબ જ વધી રહી છે. મોટી ટ્રકો અને ટ્રેક્ટરોની આવનજાવનથી ઘોંઘાટ ખૂબ જ વધી રહ્યો છે. નાનાં નાનાં ઝૂંપડા પણ બાંધવાના ચાલુ થઈ ગયા છે. ત્યાં કામ કરતા મજૂરો અહીં રહેલા લાગ્યા છે. આ જ કારણે ગીધને ભયનો અનુભવ થતો રહે છે. કદાચ એટલે જ તેમણે તેમની આ જગ્યા છોડીને બીજે જવાનું પસંદ કર્યું હોય. (તા. ૧૫-૫-૦૬નો પત્ર)

**વિરલ, સ્નેહલ, નિર્મલા**
નેચર ક્લબ, સુરત.

## ગીધના સર્વે બાબત

તા. ૫-૮-૦૬ના રોજ એક ફોરેસ્ટ ગાર્ડ દ્વારા સમાચાર મળ્યા કે વીરપુર મહાજન પાંજરાપોળ તા. વિરમગામમાં વિપુલ સંખ્યામાં ગીધ જોવા મળે છે. પહેલાં મારા માનવામાં આવ્યું નહિ, તેથી મેં જાતે જ તે સ્થળે જવાનું નક્કી કર્યું. બીજા દિવસે બપોરે ૧-૩૦ કલાકે અત્રેથી રવાના થયો. વીરપુર પાંજરાપોળ મુકામે ૩-૦૦ કલાકે પહોંચ્યો. ત્યાં ગેટ પાસે ચોકિયાતભાઈ દ્વારા ગીધ અંગેની માહિતી મેળવી અને તેમણે બતાવેલ સ્થાન તરફ ઘાસ - વરસાદી પાણી ભરાયેલી જમીન ઉપર થઈને તળાવ તરફ ગયો. ત્યાં જઈને જે દૃશ્ય જોયું તો પહેલાં મારા આશ્ચર્યનો પાર ન રહ્યો! પહેલાં મેં આકાશમાં ઊડતાં ગીધની ગણતરી કરી (૪૪). ત્યાર બાદ વરખડાનાં વૃક્ષો ઉપર બેઠેલાં ગીધની ગણતરી કરી (૫૭). ત્યાર બાદ, મારાથી ૫૦ મીટર અંતરે જમીન ઉપર બેઠેલાં ગીધની ગણતરી કરી(૧૨૬). ખેરો (Egyptian Vulture) પણ સારી એવી સંખ્યામાં હતાં તેની પણ ગણતરી કરી.

પછી પાંજરાપોળની મુલાકાત લીધી. વહીવટ કરનાર ભાઈ શ્રી તખતસિંહ તથા ત્યાં રહેતા ભાઈશ્રી મુકેશભાઈ જે વ્યવસાયે ચમાર છે, તેમની સાથે વાતચીત કરી તો જાણવા મળ્યું કે, આ ગીધ માણસોથી ગભરાતાં નથી. અહિંયા ગીધ સલામત છે, તેમજ તેમને ખોરાકનો પૂરવઠો સારો એવો મળી રહે છે. પાંજરાપોળના ગોચર વિભાગમાં પ્રવેશબંધી છે.

મારા અનુમાન મુજબ આ ગીધ સ્થાનિક વસવાટ કરતા હોય તેવું ન લાગ્યું. દૂરદૂરથી ખોરાક માટે જ અહી આવતા હોય તેવું લાગે છે. સવારે પાંજરાપોળમાંથી મરેલ ઢોર જ્યારે બહાર નિશ્ચિત સ્થાને લાવવામાં આવે છે, તે સમયે લગભગ ૯-૦૦ થી ૧૦-૦૦ ના સમયગાળામાં ઘણી જ સંખ્યામાં (૫૦૦ ઉપરાંત) ગીધ જોવા મળે છે. સાંજના ૩ વાગ્યા પછી ઓછી સંખ્યા હોય છે. ગીધ ઉપરાંત ધોળી કાંકણસાર (White Ibis) - ૧૪૦, તેમજ વિપુલ સંખ્યામાં ઢોરબગલા (Cattle Egret) જોવા મળ્યા. અહીંના વિસ્તારમાં કડીથી ૪૦ કિ.મી.ના ઘેરાવામાં ચાર પાંજરાપોળ આવેલી છે. ત્યાં પણ ગીધની હાજરીના સમાચાર છે. તેથી નજીકના દિવસોમાં ત્યાં મુલાકાત લેવી છે. અને ગીધ અંગે જાણકારી મળશે તો આપશ્રી ને પત્ર દ્વારા જાણ કરીશ.

**પટેલ અનિલકુમાર જે.**
બી-૨૬, શાયોના સોસાયટી, દેત્રોજ રોડ, મુ. કડી,
જિ. મહેસાણા-૩૮૨૭૧૫

## કચ્છમાં ગીધનું અવલોકન

તા. ૧૬-૪-૦૬ના રોજ નીચે મુજબ ગીધ જોયેલ.

| પક્ષીઓનું નામ | સ્થળ | સંખ્યા |
|---|---|---|
| ગિરનારી ગીધ (Longbilled Vulture) | પાલાર ધુના તા.અબડાસા | ૧૨ માળા ૨ |
| પહાડી ગીધ (Griffon Vulture) | પોલાડિયા,તા. માંડવી | ૨ |
| સફેદપીઠ ગીધ (Whitebacked Vulture) | પોલાડિયા, તા.માંડવી | ૨૫ |
| | ડુમરા, તા. અબડાસા | ૧ માળો ૧ |
| | કોઠારા, તા. અબડાસા | ૨૦ માળા ૨ |
| | જખૌ, તા. અબડાસા | ૭ માળા૨ |
| | સુથરી, તા.અબડાસા | ૬ માળા ૨ |

તા. ૧૯-૪-૦૬ના રોજ પાલાર ધુના પર ૧૨ ગિરનારી ગીધ જોયા. અહીં ૨ માળામાં ૨ બચ્ચાં હતાં.

તા. ૩૦-૪-૦૬ના રોજ નાની નાગલપર, તા. અંજાર ખાતે ૨ સફેદપીઠ ગીધ જોયા.

તા. ૭-૫-૦૬ના રોજ અબડાસા તા.નાં નીચેનાં

સ્થળોએ સફેદપીઠ ગીધ જોયા. જખૌ -૨૪, કોઠારા -૧૩, સુથરી - ૨.

તા. ૨૭-૫-૦૬ના રોજ અંજાર તાલુકાના નાની નાગલપરની વાડીમાં નાળિયેરી ઝાડ પર સફેદપીઠ ગીધનો ૧ માળો જોયેલ, જેમાં ૧ પુખ્ત પક્ષી તથા ૧ બચ્ચું નજરે પડેલ.

તા. ૨૯-૫-૦૬ના રોજ અબડાસા તાલુકામાં નીચેની જગ્યાએ સફેદપીઠ ગીધ જોયા. સુથરી -૫, કોઠારા જખૌ વચ્ચે -૪, કોઠારા - ૨૭, જખૌ - ૯, સાંધાણ -૩.

તા. ૧-૬-૦૬ના મોટી વિરાણી, તા.નખત્રાણા ખાતે વાડીમાં ૧ સફેદપીઠ ગીધ જોયેલ.

તા. ૧૧-૬-૦૬ના રોજ અબડાસા તા.માં નીચેની જગ્યાએ સફેદપીઠ ગીધ જોયેલ. સુથરી -૯, જખૌ - ૪, નરેડી રોડ - ૧.

તા. ૨૫-૬-૦૬ના રોજ નખત્રાણા તા.ની ભોપણ નદીની ભેખડમાં ગિરનારી ગીધનો ૧ માળો જોયેલ, જેમાં ૧ પુખ્ત પક્ષી તથા ૧ બચ્ચું જોયું. તે જ દિવસે પાલાર ધુના પર ૧ ગિરનારી ગીધ જોયેલ. પોલાડિયામાં ૩ સફેદપીઠ ગીધ જોયેલ.

તા.૨૩-૭-૦૬ના રોજ પોલાડિયામાં ૧ સફેદપીઠ ગીધ જોયેલ. અહીં ઢોરના મૃતદેહોની ડમ્પીંગ સાઈટ પર જંગલ ખાતાએ વાયરની વાડ બાંધેલ છે. તે પછી અહીં ગીધની સંખ્યા નોંધપાત્ર ઘટી ગઈ છે. જંગલખાતાએ ગીધ ફરી આવતા થાય તે માટે વાડ દૂર કરવી જોઈએ.

# સારસ વૉચ



## કનેવાલની મુલાકાત દરમ્યાન

- તા. ૧૩-૧૧-૦૩ના રોજ કનેવાલથી ખંભાત જતા, દેવપુરા ગામનાં ખેતરોમાં સારસનું મોટું ઝુંડ જોયું. થોડે નજીક જઈ, દૂરબીનથી જોતા, ૩૩ સારસ હતાં.
- તા. ૦૨-૦૬-૦૪ના રોજ કનેવાલની મુલાકાત લીધી. તારાપુરથી કનેવાલ જતા રસ્તામાં જીચકા ગામે સવારે ૯-૫૫ મિનિટે બે પુખ્ત સારસ જોયાં, જે ખેતરમાં હતાં. આગળ જતા કનેવાલથી ૧ કિ.મી. દૂર આવેલા પાદરા ગામનાં ખેતરોમાં સવારે ૧૦-૦૭ વાગ્યે બીજાં ત્રણ પુખ્ત સારસ જોયાં. ત્યારબાદ ૧૦-૩૦ વાગ્યે કનેવાલ તળાવે પહોચ્યાં ત્યારે તળાવની ફરતે આવેલા ખાલી ખેતરોમાં એક પુખ્ત સારસ જોયું. એકલું જ હોવાથી બીજું આસપાસ હોઈ શકે તેમ વિચારી દૂરબીનથી નજર માંડતા બીજાં બે પુખ્ત સારસ તળાવ નજીકના ખેતરમાં, ઘઉંની કુંવળના ઢગલા નજીક જોવા મળ્યાં. આસપાસ માણસો કામ કરતાં હતાં, છતાં આ સારસ નિર્ભયપણે ખેતરમાં ચરતાં હતાં. તળાવમાં દૂરબીનથી જોતાં બીજાં ત્રણ પુખ્ત સારસ જોયાં. આસપાસ ક્યાંય માળા દેખાયા નહીં.
- તા. ૨-૦૬-૦૪ના રોજ ખંભાત પાસે, નવી આખોલ ગામ નજીક મીઠા પાણીનું નાનું છીછરું તળાવ છે, જે ચોમાસામાં ભરાય છે. અહીં બે પુખ્ત સારસ જોયાં.
- કનેવાલથી ખંભાત રોડ પરના ખાખસર ગામમાં એક જોડ સારસ, બચ્ચાં સાથે જોઈ (૨-૬-૦૪). આ જ દિવસે સાંજે પરત ફરતા ધુવારણ - ભાદરણ વચ્ચે એક જોડ સારસ, બચ્ચાં સાથે જોઈ. માત્ર ૨૦ દિવસ ઉપરના બચ્ચાં હતાં, જે દર્શાવે છે કે ઉનાળામાં માળો કર્યો હશે.

અનિકા તેરે, ડૉ. બી.એમ.પરાશર્ય, પી.ડી. ચાવડા, એન.એ. ઠાકોર
૧૦૦૨, શરદનગર, આઈટીઆઈ પાસે, તરસાળી, વડોદરા
બી-૮, વેટરનરી કોલેજ કેમ્પસ, આણંદ
ઓર્નિથોલોજી વિ., બી.એ.કોલેજ ઑફ એગ્રી., આણંદ

તા. ૮-૦૬-૦૪ના રોજ તારાપુરથી ૭ કિ.મીના અંતરે સોજિત્રા ગામના ખેતરમાં સવારે ૮-૩૦ વાગ્યે સારસની એક જોડ જોઈ. ત્યાર બાદ ૯-૦૦ વાગ્યે વટામણ ચોકડી પાસે તારાપુર રોડ પરના ખેતરમાં વધુ એક જોડ સારસ જોઈ. ધોલેરા જતાં, પીપલી ગામ પાસે ખાલી ખેતરમાં બે પુખ્ત સારસ, ઘઉંના ઢગલામાં ચરતાં જોયાં. સમય સાંજે ૫-૦૦ વાગે

અનિકા તેરે, ડી.જે.પટેલ, પી.ડી. ચાવડા

તા. ૯-૦૬-૦૪ના રોજ નેશનલ હાઈવે- ૮ ઉપર આણંદ નજીક ખેતરમાં સવારે ૯-૪૫ વાગ્યે એક જોડ સારસ જોઈ. એ જ દિવસે સાંજે ૪-૩૦ વાગે સાણંદથી નળસરોવર જતાં વચ્ચે રેથલ ગામે બીજી એક સારસની જોડ જોઈ.

અનિકા તેરે, ડૉ. બી.એમ.પરાશર્ય, પી.ડી. ચાવડા

તા. ૨૭-૦૪-૦૪ના રોજ અમદાવાદ - ખેડા નેશનલ હાઈવે, ઉપર ખેડા પાસેના શિવમંદિર નજીક ખેતરમાં એક જોડ પુખ્ત સારસ જોઈ. આગળ જતાં ગોબલજ ગામ પાસે (બારેજાથી ૧૧ કિ.મી) ખેતરમાં બીજી એક જોડ સારસ એક બચ્ચાં સાથે જોઈ.

**અનિકા તેરે, ડૉ. બી.એમ.પરાશર્ય, પી.ડી. ચાવડા**

તા. ૨૧-૭-૦૫ના રોજ વિરમગામથી સુરેન્દ્રનગર જતાં રસ્તામાં બે સારસ જોયાં. તે વિરમગામ પાસેના સુરેન્દ્રનગર માટેના ડાઈવર્ઝનથી નજીકની જગ્યામાં હતાં. આ જ દિવસે વટામણ ચોકડીથી પાંચ કિ.મી.ના અંતરે (તારાપુરથી ૧૯ કિ.મી.) ડાંગરના ખેતરમાં બે પુખ્ત સારસ જોયાં.

તારાપુર તરફ જતા, ૨ કિ.મી.ના અંતરે બીજાં બે પુખ્ત સારસ જોયાં. આ જ દિવસે ઈન્દ્રણજ ગામ પાસે ડાંગરના ખેતરમાં ૪ પુખ્ત સારસ એક બચ્ચા સાથે જોયા. (તારાપુર ૧૦ કિ.મી.). તારાપુરથી ૫ કિ.મી.ના અંતરે બીજાં બે પુખ્ત સારસ જોયાં.

**અનિકા તેરે, ડૉ. બી.એમ.પરાશર્ય, પી.ડી. ચાવડા, એન.એ. ઠાકોર**

તા. ૧૫/૧૨/૦૪ ના રોજ ભાસ્કરપુરા ગામના તળાવમાં ૧૫ જેટલાં પુખ્ત સારસ જોયાં.

૧/૦૭/૦૪ના રોજ ખેડા અમદાવાદ નજીકના ગોબલજ ગામ નજીકનાં ખેતરમાં બે પુખ્ત સારસ જોયાં. સમય સવારે ૦૯:૫૫ કલાક

તા. ૧૩/૦૧/૦૬ના રોજ તારાપુરથી વટામણના રોડ ઉપર ગોલીયાણાથી ખંભાત જતાં, નજીકના ખેતરમાં બે સારસ જોયાં. વધુ ૩ કિ.મી.ના અંતરે બે સારસ એક બચ્ચાં સાથે જોયાં.

તા. ૨૩/૦૧/૦૬ના રોજ એક જોડ સારસ. સાણંદ પાસે ઘઉંના ખેતરમાં જોઈ.

**અનિકા તેરે, ડૉ. બી.એમ.પરાશર્ય, પી.ડી. ચાવડા**

તા. ૧૦/૦૧/૦૬ના રોજ રાધનપુરથી કોડલા જતા વચ્ચે બાષ્પ ગામથી ૩-૫ કિ.મી.ના અંતરે ઘઉંના ખેતરમાં સારસની એક જોડ જોઇ. આ ખેતર કનીજ અને બાષ્પા વચ્ચે હતું.

તા. ૨૦/૦૧/૦૬ ના રોજ તારાપુર- ખંભાત રોડ ઉપર, ઉંટવાડા ગામ નજીક ખંભાત ૧૭ કિ.મી. બે પુખ્ત સારસ એક બચ્ચા સાથે જોયા. તે જ દિવસે પાલડી ગામે (ખંભાત ૬ કિ.મી.) બીજા બે પુખ્ત સારસ છીછરા તળાવમાં જોયાં.

**અનિકા તેરે, એન.એ. ઠાકોર, પી.ડી. ચાવડા**

## સાભાર સ્વીકાર

૫૦૦૦-૦૦ અક્ષયભાઈ જોષી, સુરત
૧૦૦૧-૦૦ મુકેશભાઈ આચાર્ય, અમદાવાદ
૧૦૦૦-૦૦ ડૉ. પીયૂષભાઈ પટેલ, વલસાડ
૧૦૦૦-૦૦ બિન્દુબેન કાપડિયા, મુંબઈ
૫૦૦-૦૦ અનિકાબેન જાધવ, વડોદરા
૫૦૦-૦૦ સ્વાતિબેન શાહ, અમદાવાદ
૫૦૦-૦૦ ઉડાન કલરલેબ, ઉપલેટા
૫૦૦-૦૦ જયંત મચ્છર, ગાંધીનગર
૫૦૦-૦૦ શાંતિલાલ મેકોની, મુંબઈ
૫૦૦-૦૦ અંબાલાલ પટેલ, ઠાસરા
૫૦૦-૦૦ ક્ષિતિજ પંડ્યા, અમદાવાદ
૩૦૦-૦૦ ડૉ. આર.બી. ચૌહાણ, બારડોલી
૩૦૦-૦૦ ભારતેન્દુભાઈ દવે, ભાવનગર
૨૫૦-૦૦ ડૉ. કે.બી. અંજારિયા, વડોદરા
૨૫૦-૦૦ યજ્ઞાબેન રાવળ, માંગરોળ
૨૦૦-૦૦ મયુર નેચર ચેરીટેબલ ટ્રસ્ટ, મોરબી
૨૦૦-૦૦ રમણિકભાઈ દવે, લીમડી
૨૦૦-૦૦ નીતિબેન દવે, વડોદરા
૨૦૦-૦૦ શિતલબેન ઘેલાણી, વડોદરા
૨૦૦-૦૦ કે.જે. ત્રિવેદી, રાજકોટ
૧૫૧-૦૦ યોગેશભાઈ પટેલ, સુરત
૧૦૧-૦૦ કિર્તનભાઈ ઠાકર, અમદાવાદ
૧૦૧-૦૦ જયસિંહ ગોહિલ, ભાવનગર
૧૦૦-૦૦ રાહુલભાઈ પારેખ, રાજકોટ
૧૦૦-૦૦ લવકુશ, ૭, નિલકંઠ, યુનિવર્સિટી રોડ, રાજકોટ
૧૦૦-૦૦ બેલાબેન મોદી, વડોદરા
૧૦૦-૦૦ વી.એસ. ખત્રી, ગાંધીનગર
૧૦૦-૦૦ વિશાલભાઈ થોરિયા, સુરેન્દ્રનગર
૧૦૦-૦૦ એલ.એન. સોલંકી, જુનાગઢ
૧૦૦-૦૦ દિગંબર ગાડગીલ, નાસિક
૧૦૦-૦૦ વિશ્વમંગલમ્ આશ્રમ, બાડોદરા
૧૦૦-૦૦ રસિલાબેન કડિયા, અમદાવાદ
૧૦૦-૦૦ નરેન્દ્રભાઈ ભરાડ, જુનાગઢ
૧૦૦-૦૦ ઈન્દ્રભાઈ ગઢવી, ભાવનગર
૧૦૦-૦૦ આશિષભાઈ શુકલ, ભાવનગર
૧૦૦-૦૦ ભરતભાઈ મૈત્રેય, ભાવનગર
૧૦૦-૦૦ શૈલેષભાઈ મહેતા, ભાવનગર
૧૦૦-૦૦ બી.પી. પટેલ, ભાવનગર
૧૦૦-૦૦ દુષ્યંતસિંહ ઝાલા, ભાવનગર
૧૦૦-૦૦ ડૉ. પ્રદિપભાઈ સંઘવી, ભાવનગર
૧૦૦-૦૦ દિલીપભાઈ માવડિયા, વડોદરા
૧૦૦-૦૦ અશ્વિનભાઈ રાજગુરૂ, ભાવનગર
૧૦૦-૦૦ પાર્થભાઈ શાહ, રાજકોટ
૧૦૦-૦૦ ચિંતનભાઈ ભટ્ટ, અમદાવાદ
૧૦૦-૦૦ જીતેન્દ્રભાઈ ઠક્કર, મોરબી
૧૦૦-૦૦ ચેરમેનશ્રી, સહજાનંદ સ્વામી જિલ્લા લોકવિભાગ કેન્દ્ર, છાપા, પોરબંદર
૧૦૦-૦૦ એચ.ડી.મહેતા, ગર્લ્સ હાઈસ્કૂલ, દરબારગઢ, ધ્રોળ, જિ. જામનગર
૧૦૦-૦૦ નવલકુમાર ભાવસાર, વેરાવળ
૧૦૦-૦૦ પ્રવીણચંદ્ર પાલ, જુનાગઢ
૧૦૦-૦૦ ભરતભાઈ કામભીયા, સૈયદ રાજપરાબંદર, તા.ઉના, જિ. જુનાગઢ
૧૦૦-૦૦ ફકીર મહંમદભાઈ જમાદાર, ધ્રુવા, તા.મુંદ્રા
૧૦૦-૦૦ સુરજભાઈ જોષી, જામનગર

# પત્ર-સેતુ



## ભૂલસભર એક પુસ્તક

તા. ૪-૭-૦૬ની સાંજે 'બોમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટી' દ્વારા ભુજમાં એક સમારંભ યોજવામાં આવ્યો હતો. તેનું આયોજન શ્રી જે.કે. તિવારીએ કરેલ હતું. મુંબઈથી ડૉ. રહેમાની અને તેમની સાથે 'બર્ડ લાઈફ ઈન્ટરનેશનલ'ના ડૉ. રિચર્ડ ગ્રિમેટ અને 'આર.એસ.પી.બી.'ના ઈયન બાર્બર આવ્યા હતા. મારા હાથે 'ઉત્તર હિન્દુસ્તાનનાં પક્ષીઓ'ના ગુજરાતી અનુવાદવાળા પુસ્તકનું વિતરણ કરવાનું હતું. મારા માટે તો તે ધર્મસંકટરૂપ હતું! જો તે માટે ઈન્કાર કરું તો વિદેશી મહેમાનોની હાજરીમાં ઔચિત્યભંગ થાય. તેથી મારા ભાષણમાં મેં હળવેકથી ડૉ. રહેમાનીને કહ્યું કે, એ આવૃત્તિમાં ભૂલ રહેવા પામી છે, તે જ્યારે બીજી આવૃત્તિ બહાર પડે ત્યારે સુધારી લેવી જોઈએ. દરમ્યાન સુધારાની સૂચિઓ તૈયાર કરી તેનું વિતરણ કરવું જરૂરી છે. તેથી વિશેષ વિદેશી મહેમાનોની હાજરીમાં શું કહું? ડૉ. રહેમાનીએ હકારાત્મક માથુ ધુણાવ્યું. સમારંભમાં મોટાભાગનો સમય ડૉ. રહેમાની દ્વારા ગીધ વિશે 'સ્લાઈડો' વડે અહેવાલ આપવા માટે ફાળવેલ હતો.

મ.કુ.હિંમતસિંહજી
જયુબીલી ગ્રાઉન્ડ, ભુજ-

# રાંદરડા : એક રમ્ય પક્ષીનિરીક્ષણ સ્થળ (થોડી યાદો)

અશોક મશરૂ

રાંદરડા એટલે રાજકોટ શહેરની ભાગોળે આવેલું ૧૦૦ વર્ષ પુરાણું - રાજાશાહી - પ્રવાસી બતકો (migratory ducks), કીચડિયા (waders) , ભગતડાં (Coots), કાજિયા (Cormorantsl) ને પેણો (Pelicans) થી ઊભરાતું નમણું, નાજુક તળાવ. પ્રદ્યુમ્ન પાર્કની ટેકરીઓ ફરતે વિંટળાયેલું આ નયનરમ્ય તળાવ, મારાં પ્રિય સ્થળો પૈકી વિશિષ્ટ, કેમ કે, પક્ષીચિત્રોના કલાકાર શ્રી કે.પી.જાદવે અહીં પ્રવાસી બતકોના ભેદ સમજાવેલા. અને તેની ટેકરીઓ પર, થિરકતી લરજી (Kestrel) પણ મેં પ્રથમ વાર જોયેલી. તળાવ જૂનું એટલે સાવ છિછરું. વિવિધ તરતી વનસ્પતિથી છવાયેલું. બતકો નિર્ભય રીતે વિહરેને ખૂબ નજદીકથી જોવા મળે. ટેકરીની તળેટીએ પાણી કાંઠે ચાલ્યા જાવ દૂરબીન લઈને, તો શું શું ન મળે ?!

પ્રવાસી બતકોમાં પિયાસણ (Wigeon), ચેતવા (Garganey), નાની મુરઘાબી (Common Teal), અને રાખોડી કારચિયા (Common Pochard)નો અહીં બહોળી સંખ્યામાં વસવાટ. તેના સાથીદારો સીંગપર (Pintail), લુહાર (Gadwall), ગયણો (Shovellar), ધોળીઆંખ કારચિયા (White - eye Pochard) પણ મળી જાય. રહેવાસી ટીલિયાળી બતક (Spotbill Duck), નકટા (Comb Duck) તો ખરી જ અને નખશિખ નાજૂક ટચૂકડી ગિરજા (Cotton Teal)ની ટોળી નસીબ હોય તો દર્શન દઈ દે. તળાવમાં ભગતડાં (Coot) સૌથી વધુ, પરંતુ બારીકાઈથી જુઓ તો કાબરી કારચિયા (Tufted Pochard) સાથે સાથે અચૂક હોય જ!

કાદવ ખૂંદનારાં (waders) માં કીચડિયા (Stints)નાં અને ટીલિયા (Ruff)નાં ટોળાં ચાંદી જેવી ચમકતી પાંખો લઈ એકરાગી ઉડાણ ભરતાં હોય, તો કાંઠે ટપકીલી તુતવારી (Wood Sandpiper), લીલાપગ (Green Shank), નાનો લીલાપગ (Green Sandpiper) વગેરે પણ એકલ દોકલ દોડતાં હોય. ડૂબકીઓ (grebes) બન્ને હાજર. નાનીની ટોળી ૫૦-૧૦૦ની તો મોટી ક્યારેક ૨૦ની સંખ્યામાં વાબગલીઓમાં કૈંચીપૂંછ વાબગલી (Indian River Tern)ની સંખ્યા સારી અને બેટડે માળા પણ બનાવે. તો કાશ્મીરી (Whiskered Tern) અને ધોળી વાબગલી (Gullbilled Tern) પણ હોવાની. નાના -મોટા કાજિયા (Cormorants), સર્પગ્રીવ(Darter)ને અહીં સારું ફાવે છે. ચાંચમાં પરોવાયેલ માછલી ઉછાળી, ગળી જતી સર્પગ્રીવનું અહીંનું દશ્ય મનમાં છપાઈ ગયેલ છે. તળાવ વચ્ચેથી બહાર નીકળતાં ઠૂંઠા, પર કાજિયા કુટુંબનું પાંખ સૂકવી

આરામ ફરમાવતાનું દશ્ય તળાવનો એક ભાગ છે. રાંદરડાનાં બીજાં મહેમાનો પણ ઓછાં આકર્ષક નથી. જેમ કે, હંજ (Flamingo), કુંજ (Common Crane) ને કરકરા (Demoiselle Crane), ચમચા (Spoonbill) વગેરે. પીળીચાંચ ઢોંક (Painted Stork) તો રહેવાસી. હા! મોંઘેરો કાળો જળમાંજર (Bronzwinged Jacana) પણ એક વખત મહેમાન બનેલો.

રાંદરડાનું છોગું, તેને અડકીને આવેલ વન-વિભાગની 'નર્સરી'. નામ 'નર્સરી' પરંતુ આમ તો વનનો ટુકડો. અંદર પ્રવેશતાં જ ઊંચા બોટલપામ, શીવજટા, પીપળ, લીમડા અને અન્ય વૃક્ષો આંખમાં છવાઈ જાય. સૌથી સુંદર હોય તો નર્સરીમાંથી રાંદરડા તરફ જતી પગદંડી અને છેડે રહેલ તળાવ વચ્ચેની છત્રી. બપોર ચડતાં અડોઅડ ટીલિયાળી, સીંગપરની સભા આ પગદંડીએ પથરાઈ જાય છે. હાસ્તો! વિરામ માટે. આગળ ડગ માંડતાં જ જમણે, પાણીમાંનું દેશી બાવળનું એકબીજામાં પરોવાયેલું ઘટ્ટ વન, જ્યારે ડાબે, માથોડા ઉપરનાં ચિયાનાં - ઝૂંડ. આ જોતાં જ મન મોહી પડે! એમાંય બાવળોની છાયામાં તરતાં ભગતડાં, ટીલિયાળી, જલમુરઘી (Indian Moorhen) અને ચિયાની આસમાસ મંડરાતી ભગવી સુરખાબો (Brahminy Duck) નો 'ડક ડક' અવાજ તરત જ ભરતપુરની યાદ અપાવે. તેથીસ્તો, અમે નામ પાડ્યું છે 'મીની ભરતપુર'! ગયા શિયાળાની એક સાંજે છત્રી આસપાસ તરતા વેલા, વનસ્પતિ, બાવળો વચ્ચે સરકતી ૧૦૦ જેટલી જલમુરઘીઓ તેમજ ૨૦ સુંદર ભગવી સુરખાબોની પાણીમાંની કસરતો જોઈ મુ. લવકુમાર સાહેબ બોલ્યા, "સુંદર સચવાયેલું સ્થળ".

સૂર્યાસ્ત માણવાની મજા ઑર છે. આકાશ અને બાવળો વચ્ચે ઊઠબેસ કરતાં, એકરાગે દળ સ્વરૂપે આકાર બદલતાં, કલબલ કરતાં વૈયાં તો જાણે અદ્ભુત જાદુઈ ચિરાગ! ઘટાદાર કાંટાળા બાવળોમાં ઝીણવટથી નજર ફેંકો તો ગોપિત રાતબગલા (Night Heron) ઓ દેખાઈ જાય. સાથે નડી બગલા(Purple Heron) ને ધોળા બગલા (Egrets) પણ. કાંટાળા બાવળોની પશ્ચાદ્ભૂમાં રાતી સંધ્યા ખીલી હોય, આકાશે વાદળોના ગોટા રંગીન થઈ છવાઈ ગયા હોય, ત્યાં દૂધ જેવા સફેદ બગલાઓનું ટોળુ આકાશે ઊડીને આવે ને દશ્ય થઈ જાય અવિસ્મરણીય! સૂર્યાસ્તે બેટડે બેઠેલા કાજિયા રાતવાસા માટે એક પછી એક હારમાં ઊડવા માંડે. દૂર 'હૉવરીંગ' કરતો 'સાપમાર ગરૂડ (Short-toed Eagle) પણ દેખાય છે.

ઓહ! પેલા સાંઠીકડે પણ કોઈ શિકારી પક્ષી જણાય છે. તે છે પંજામાં પકડેલા શિકારને ચાંચના ઝટકાથી તોડતો મત્સ્યભોજ. જોતા જ રહી જઈએ!

આવા રાંદરડાને પ્રવાસન વર્ષ નિમિત્તે પસંદ કરી 'બર્ડ વૉચીંગ સેન્ટર' તરીકે વિકસાવવાનું નક્કી કરાયેલ છે. આશા રાખીએ એવું વિકસે કે તેની જૂની મજા ઓછી ન થાય!

અશોક મશરૂ

એ/૭, આલાપ હેરીટેજ, કાલાવાડ રોડ, રાજકોટ ૩૬૦૦૦૧

# દરજીડાની ગાવાની કેપેસીટી અને પંખીના ગાન સંગીત વિષે...

ડૉ. પીયૂષ પટેલ
(એમ.ડી.)

પારડી હું જે હોસ્પિટલમાં જઉં છું એની બહાર નાનકડો ખુલ્લો વગડો છે. મારા રૂમની બારીમાંથી એ વગડો આખો દેખાતો હોય છે. વગડામાં જો કે કોઈ ખાસ ઝાડપાન (vegetation) નથી, પણ બારીની નજીક જ પંદરેક ફૂટના અંતરે, ઢેડઊમરનાં પાંચ - છ ઝૂંડ છે. લગભગ છ - સાત ફૂટની ઊંચાઈ સાથે ૧૨-૧૫ ફૂટનો ઘેરાવો.

તા. ૧૭-૩-૨૦૦૬ શુક્રવારે સવારે નવેક વાગ્યે એક દરજીડાએ એ ઝૂંડમાંથી ટહુકવાનું શરૂ કર્યું. "ચી...વીક્, ચી...વીક્, ચી...વીક્." પણ એક સાથે કેટલાં બધાં બોલ (notes) !! સાંભળીને હું થાકયો, ત્યારે પહેલો રાઉન્ડ પૂરો થયો. એથી તરત જ જો બીજો રાઉન્ડ શરૂ કરે તો ગણવું એમ મનમાં નક્કી કરી રાખ્યું.

લગભગ મીનીટમાં જ બીજો રાઉન્ડ શરૂ. એ જ "ચી..વીક્, ચી...વીક્, ચી...વીક્." એક, બે, ત્રણ, ચાર... ૧૫૮ ચી...વીક્ એ રાઉન્ડ પૂરો થયો! કદાચ દરજીડાને પણ થાક લાગ્યો હશે. કારણકે દરેક 'સ્વર-ધ્વનિ' એ મનુષ્ય, પ્રાણી કે પક્ષીઓનો ઉચ્છ્વાસ (expiration) છે એવું વાંચવામાં / ભણવામાં આવેલ. શ્વસન (inspira-

tion) દરમિયાન સ્વરનળી (syrinx) કે સ્વરપેટી (larynx) માંથી કોઈ અવાજ નીકળતો નથી.

ત્યાં તો ૪૦-૪૫ સેકન્ડમાં જ ત્રીજો રાઉન્ડ શરૂ. ફરી એ જ ચી...વીક્. આ વખતે ૧૩૪ વાર. થોડીક જ સેકન્ડોમાં ચોથો રાઉન્ડ, જે ૧૨૬ વારે પૂરો થયો. ત્યાર બાદ એ લાંબી ઉડાન ભરી જતો રહ્યો. આમ દરજીડાએ સો કરતાં વધુ બોલવાળી ચાર શ્રેણી ગાઈ સંભળાવી. સતત ઝડપથી ૧૫૮, ૧૩૪ કે ૧૨૬ વાર ચી...વીક્ બોલવું, એ પ્રાણાયમના કાપાલભાતિ કે ભસ્ત્રિકાનાં અભ્યાસીઓને ખબર છે, કેટલું કપરૂં છે?

પક્ષીઓ શ્વાસ લીધા વગર, જટિલ અને વૈવિધ્યસભર ધ્વનિ કેવી રીતે ઉત્પન્ન કરી શકતાં હશે? એનો જવાબ છે પક્ષીઓની સ્વરનળી, ધ્વનિ ઉત્પન્ન કરતું અંગ. આ સ્વરનળીમાં પાતળાં પડદાં હોય છે, જેનું કંપન, ધ્વનિનાં તરંગો ઉત્પન્ન કરે છે. ફેફસાંમાંથી ઉચ્છ્વાસ રૂપે નીકળેતી જોરપૂર્વકની હવા પાતળા પડદામાં કંપન ઉત્પન્ન કરે છે. સ્વરનળીના સ્નાયુઓ આ ધ્વનિને સાંગિતિક સ્વરૂપ આપે છે. જેમ પક્ષીઓ પાસે વધુ જટિલતાવાળી સ્વરનલી તેમ સ્વરોની વધુ વિવિધતાવાળાં ગાન ગાઈ શકે છે.

આ સ્વરનળીની રચના નળાકાર પેટી જેવી છે, જે શ્વાસનળીનાં નીચેનાં છેવાડે, એટલે કે જ્યાં એ બન્ને ફેફસાંમાં જવા દ્વિભાજિત થાય છે, ત્યાં આવેલી હોય છે. (જ્યારે મનુષ્યમાં આવેલ સ્વરપેટી, શ્વાસનળીના ઉપરના છેડે, એટલે કે ગળાના ભાગમાં આવેલ હોય છે.) બન્ને ફેફસાંની મુખ્ય શ્વસનનળીઓ (bronchus) માટે સ્વરનળીમાં એક એક પડદો હોય છે આમ સ્વરનળીમાં બન્ને ફેફસામાંથી જુદી જુદી હવા પસાર થતી હોય છે. બન્ને નળીઓના પડદામાં ઉદ્ભવતો જુદો જુદો ધ્વનિ, ઉપર મુખ્ય શ્વાસનળીમાં મિશ્ર થઇ, વિવિધતા ભર્યા સ્વર બહાર ઉત્પન્ન કરે છે.

સ્વરનળીની આવી જટીલ રચનાને લીધે જ પક્ષીઓ, મનુષ્યો કરતાં વધુ પ્રકારનાં ધ્વનિ ઉત્પન્ન કરી શકે છે. એઓ ખૂબ નાનાં નાનાં શ્વાસને, એક એક સ્વર સાથે કરી, લાંબી શ્રેણીના ટહૂકા કે ગીતો ગાઈ શકે છે.

પક્ષીઓના ધ્વનિ/ અવાજોનાં બે સ્વરૂપો છે એક ગાન/ ગીતનું સ્વરૂપ (Songs) અને બીજું બોલ (Notes/ Calls) નું સ્વરૂપ. બન્ને સ્વરૂપોમાં ઉપયોગિતાની દૃષ્ટિએ (Functional) ફરક વધુ છે, જ્યારે ઉત્પત્તિની દૃષ્ટિએ (Physiological) ફરક ઓછો.

ગાન સ્વરૂપ - વધુ લાંબા હોય છે.

બોલ સ્વરૂપ - પ્રમાણમાં ટૂંકા, એકાક્ષરી કે દ્વિઅક્ષરી સ્વરની શ્રેણી સ્વરૂપમાં હોય છે.

ગાન / ગીત સ્વરૂપ એ પક્ષીની પોતાની જગ્યાની અથવા તો પોતાની ઓળખ હોય છે. એ મોટે ભાગે સાથી મિત્રને આકર્ષવા માટે, મિત્રોને બોલાવવા માટે, ખોરાક શોધવાની પ્રવૃત્તિ દરમિયાન, શોધેલ ખોરાક અન્યોને જણાવવા માટે, પ્રજનન ઋતુમાં પોતાનો વિસ્તાર નક્કી કરવા માટે કે હરિફને ચેતવણી માટે હોય છે. વહેલી સવારે કે પ્રજનન ઋતુમાં વધુ સાંભળવા મળે. બોલ (Notes/ Calls) સ્વરૂપ મોટે ભાગે ભય સાથે સાવધ થવાં, ચેતવણીસૂચક, દુશ્મનનો સામનો કરવાં વપરાય. નાનાં બચ્ચાં ખોરાક માટેની માંગણી માટે નાનાં સ્વરો કાઢતાં હોય છે. દિવસમાં ગમે તે સમયે સાંભળવા મળી શકે. મને રોમાંચિત કરી ગયેલ દરજીડાની આલાપ શ્રેણીએ Songsનું Note સ્વરૂપ હતું કે, Notesનું Song, એ ખબર ન પડી!

એક્સરે- સોનોગ્રાફી ક્લિનીક, અવીઆર્કેડ, વલસાડ

*

## સ્થાનિક પક્ષીઓનો પરદેશનો ઋતુપ્રવાસ

આપણે ત્યાં ચકલી (House Sparrow) તથા ટીલિયાળી બતક (Spotbill Duck) સ્થાનિક નિવાસી છે, છતાં આ પક્ષીઓએ પરદેશનો ઋતુપ્રવાસ કરવાની નોંધ જાણવા મળે છે.

'બોમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટી' તરફથી તા. ૨૨-૧-૧૯૬૯ના રોજ ચકલીને ભરતપુર (રાજસ્થાન) ખાતે વીંટી પહેરાવવામાં આવેલ. તે ચકલી તા. ૧૯-૫-૧૯૬૯ના રોજ તાઝીકિસ્તાન (અગાઉનું રશિયા) ખાતે મળેલ. તે જ રીતે આ સંસ્થાએ તા. ૫-૧૨-૧૯૬૯ના રોજ ટીલિયાળી બતકને આ સ્થળે જ વીંટી પહેરાવેલ, જે પક્ષી રશિયામાં બગાન નજીક નીવોસીબીર્સ્ક ખાતે ઓગષ્ટ ૧૯૭૦માં મળેલ. આમ આ બતકે આઠ માસમાં ૨૦૦૪ કિ.મીનો પ્રવાસ ખેડેલ. આના પરથી ફલિત થાય છે કે, સ્થાનિક પક્ષીઓ પણ ક્યારેક પરદેશનો લાંબો પ્રવાસ ખેડી લે છે. આ બાબત રસપ્રદ હોઈ પક્ષીનિરીક્ષકોની જાણ માટે જણાવેલ છે.

સંદર્ભ ૧. બોમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટી જર્નલ વો. -૬૬ (૩) ૧૨-૧૮-૬૯

૨. બોમ્બે નેચરલ હિસ્ટરી વો. ૬૮ (૧) ૪-૧૯૭૧

(સંકલન : શાંતિભાઈ વરૂ, ભુજ)

અનુ. પાના ૨૭થી..

જરૂર છે. કારણ કે, નજીકના ભૂતકાળમાં પણ વિદેશીઓ મારફત આપણા ઉપખંડમાં આ કાર્ય હાથ ધરાતું રહ્યું છે અને તેમણે સમય સમય પર પુસ્તકો પણ બહાર પાડ્યા છે અને તેને વ્યાપક પ્રમાણમાં ઉપયોગમાં લેવાની શરૂઆત થઈ છે. હિંદમાં સારા એવા નિષ્ણાતો વિદ્યમાન હોવા છતાં હાલના વર્ષોમાં ડૉ. સલીમઅલી અને હુમાયું અબ્દુલઅલીના અવસાન બાદ પક્ષીવિજ્ઞાન અને આમ કુદરતના અભ્યાસક્ષેત્રમાં શૂન્યાવકાશ ઊભો થતો હોવાનો મને અહેસાસ થાય છે. આ ક્ષેત્રમાં નિષ્ણાતોનો આપણા દેશમાં અભાવ નથી પરંતુ તેમણે વધુ જાગૃત થઈ સક્રિય બની ચોક્કસ દિશા અપનાવવાની જરૂર છે. પ્રકૃતિના ક્ષેત્રે આપણે જેને માતૃસંસ્થા લેખી શકીએ તેવી 'બૉમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટી'ને વધુ મજબૂત બનાવવા અને દરેક ક્ષેત્રમાં સક્રિય બનાવ માટેના પ્રયાસ કરવા જોઈએ. ફક્ત સમારંભો યોજી, સમય સમય પર પુસ્તકો પ્રકાશિત કરી અથવા પારિતોષિકો આપી સંતોષ માનવો ન જોઈએ. હાલ ઘણા જ ઉચ્ચ કક્ષાના અને રસપ્રદ પુસ્તકોનું સોસાયટી દ્વારા પ્રકાશન હાથ ધરાયું છે પણ તે એટલાં તો દળદાર અને વજનદાર છે કે તે ઊંચકીને વાંચવા મારા જેવા વયોવૃધ્ધ વ્યક્તિઓ માટે સહેલું નથી! આ જાતનાં લખાણો બે કે વધુ ભાગો યા અંકોમાં તૈયાર કરવાં વિશેષ વ્યવહારૂ બને.

સંદર્ભગ્રંથો :

Roberts, T.J. The birds of Pakistan Vol.2, O.U.P. Karachi - 1992

Grimmet Richard - Inskipp tim - Birds of Northern India, OUP New Delhi

Lester C.D. Capt. The Birds of Cutch - Times Press, Bombay 1904

Journal of the Bombay Natural History Society, Vol. 52, No.5, 2 & 3 -(Aug - Dec. 1954) and No.4 (April 1955)

જ્યુબિલિ ગ્રાઉન્ડ, ભુજ ૩૭૦૦૦૧

## માન્યતા કે હકીકત?

અનુ. પાના ૨ થી..

શાસ્ત્રીય સંગીતના જલસામાં ક્વચિત્ સાંભળવા મળતી કંઠ્ય અને વાદ્યસંગીતની જુગલબંદીની જેમ આ હતી. બે જુદી જુદી જાતનાં પંખીઓની જુગલબંદી! હવે વાત કરું ડાગર બંધુઓ, મિશ્રા બંધુઓ કે ગુંડેચા બંધુઓના જેવી એક જ જાતનાં પંખીની જુગલબંદીની. તે પંખી છે 'શોબિગી'. સમય સવારના આઠ - નવનો. સ્થળ છે નવાપુરા નામનું એક નાનું ગામડું. મકાન પાસેના એક ઝાડ પરથી નર શોબિગી ટહુક્યો-'' શો...બિ...ગી....'' પંદરેક મીટર દૂરના સામેના વૃક્ષમાં વિહરતા બીજા નર શોબિગીએ તે પડકાર ઝીલી લીધો - " શો...બિ...ગી..." પછી તો એ બે નર વચ્ચે સામ સામા ૧૫-૨૦ મિનિટ સુધી જે આહ્વાનો ફેંકાણા છે, તેની મીઠાશની શું વાત કરવી! મારા માટે તો તે એક અવિસ્મરણીય અને અદ્ભુત મીઠાશવાળી સંગીતની મહેફિલ જ હતી. મધુરતામાં એક બીજાથી ચડે એવા વિવિધ આરોહ- અવરોહવાળા ટહુકા સાંભળવાનો એવો લ્હાવો ફરી કદી મળ્યો નથી. તે સાંભળતી વખતે 'ટેપ રેકોર્ડર'ની ખોટ મને બહુ સાલી. ત્યારે તે મારી પાસે હોત અને બે નર શોબિગી વચ્ચેની એ શાબ્દિક મુઠભેડ રેકોર્ડ થઈ ગઈ હતો તો અજોડ સંભારણું બની જાત - માત્ર મારા માટે જ નહીં, સૌ પક્ષીનિરીક્ષકો માટે જિંદગીમાં આવા લ્હાવા ક્વચિત જ મળે છે.

સી-૨, હરિઓમ એપાર્ટ., 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' પ્રેસ રોડ,
જીવરાજ પાર્ક, અમદાવાદ-૫૧

### એક એસ.એમ.એસ

(પત્નીએ પોતાના પક્ષીનિરીક્ષક પતિ વિશે લખેલ એક આસ્વાદ્ય કાવ્ય)

સર પે ટોપી,
ગલે મે દૂરબીન,
પીછે થેલા,
નજર પેડ પર,
ન જાને આગે, પીછે, બાજુ મેં કૌન ?
હા, ક્યા કરે, ઈસ કી કોઈ દવા ભી નહીં મિલતી.
લગતા હૈ ઉન્હેં B.W. ફલુ હો ગયા હૈ
(B.W.એટલે "બર્ડ વૉચીંગ.")

શ્રીમતી ભાવના અશોક મશરૂ
રાજકોટ

# મ. કુ. હિંમતસિંહજીની કલમે



(ગયા અંકથી ચાલુ)

ગુજરાતમાં ઘણા પર્યાવરણીય ફેરફાર થયા છે, તેમાં ગાંડા બાવળ (*Prosopis juliflora*)નો વ્યાપક પ્રમાણમાં ફેલાવો, ખેતીની જમીનમાં વધારો અને તેની સાથે, સિંચાઈથી થતી ખેતીના વ્યાપમાં વધારા સહિત તેને સંલગ્ન ઘણી બાબતોની નોંધ લેવી ઘટે. અમુક પક્ષી અગાઉ નોંધાયા ન હતા તે આજે જોવા મળે છે. જેવાં કે, હરિયલ (Yellow-legged Green Pigeon), લીલું ટપુશિયું (Green Munia) ઈત્યાદિ બનાસકાંઠા અને મહેસાણામાં હાલ નોંધાયા છે. આની સાથે કાળા તેતર (Black Francolin)ને ડૉ.સલીમઅલીએ ફક્ત કચ્છમાં જ નોંધ્યું હતું. પરંતુ હ્યુમને ટાંકી (Stray Feathers) તેમની નોંધ (જર્નલ ઑફ ધી બૉમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી અંક ૫૨, નં. ૨ અને ૩)માં ઉલ્લેખ કર્યો છે કે, ડીસા જ્યાંથી કેપ્ટન બટલરે એક નમૂનો નોંધ્યો હતો ત્યાં કાળા તેતર અને તલિયા તેતર (Painted Partridge) ની હદો મળે છે (Deesa Whence Butler recorded a speciman, is about the line of junction of the Black Partridge and the Painted...). એ જ નોંધમાં સલીમઅલી જણાવે છે કે, સમય સમય પર બહારથી કાળા તેતર મંગાવી કચ્છમાં છોડવામાં આવ્યા હતા. મને આ બાબત શંકા છે કે, તે બારામાં કંઈક ગેરસમજ થઈ હોવી જોઈએ. મેં પોતે એ કદી સાંભળ્યું કે વાંચ્યુ નથી કે કચ્છમાં વધારાના આ તેતર મંગાવવાની જરૂર પડી હોય. કારણ કે આ સ્થાનિક નિવાસી પંખી ઘણા જ વ્યાપક પ્રમાણમાં કચ્છમાં ફેલાયેલું હતું અને અમુક સ્થળો જેવાં કે લખપત અને અબડાસા તાલુકાઓમાં તો તેની બહોળી સંખ્યા અસ્તિત્વ ધરાવતી હતી. આ સંદર્ભમાં કેપ્ટન લેસ્ટરે (The Birds of Cutch, 2nd Edition, The Times Press, Bombay, 1904) જણાવ્યું હતું કે, અમુક સ્થળોએ આ પક્ષી કચ્છમાં મોટી સંખ્યામાં છે (This bird is abundant in Cutch in certain localities..). હાલ છેલ્લા ત્રણ દાયકાથી કચ્છમાં પંખીઓના શિકાર અને તેમને જાળમાં સપડાવી પકડવાની પ્રવૃત્તિ વ્યાપક પ્રમાણમાં થતી હોવાથી આ તેતર અને રાખોડી તેતર (Grey Francolin)ની સંખ્યા ખૂબ ઘટી ગઈ છે.

પક્ષીવિજ્ઞાનીઓનો એ અનુભવ છે કે, કાળા તેતર અને તલિયા તેતર એક સાથે એક જગ્યામાં રહેતાં નથી. મારા પિતાશ્રીએ લગભગ સાઠ વરસ અગાઉ બહારથી તલિયા તેતર મંગાવી માંડવી પાસે છોડ્યા હતાં, પણ અમુક સમય બાદ તે અદૃશ્ય થઈ ગયા!

સલીમ અલીએ (અંક ૫૨, નં.૪, બો. ને. હિ. સો.નું જર્નલ એપ્રિલ ૧૯૫૫) નોંધ્યું છે કે, તેમણે ગિરનારી કાગડો (Jungle Crow) ખારાઘોડા, રાધનપુર, પાટણ, ડીસા અને પાલનપુરમાં નોંધ્યો નથી, અને કચ્છમાં પણ તેને જોયો નથી. પરંતુ મહારાઓ શ્રી વિજયરાજજીએ તેમને જણાવ્યું હતું કે, એ કાગડો સને ૧૯૪૩થી માંડવીમાં સ્થાયી થયો છે અને ભુજ પાસે પણ જોવા મળેલ. હાલ તે મુંદ્રા અને માંડવીમાં અમુક સ્થળોએ નોંધાયો છે. એવી જ રીતે ખેરખટ્ટો (Indian Treepie) કચ્છમાં નોંધાયો હતો, પરંતુ હમણાં થોડા મહિના થયા તે કચ્છના રણમાં એક બેટ પર ડૉ. પારાશર્ય અને અન્યોનાં જોવામાં આવ્યો, તેમ મેં સાંભળ્યું છે. ડૉ. ટી.જે.રોબર્ટ્સ (The Birds of Pakistan, Vol.2 O.U.P. Karachi, 1992) જણાવે છે કે, આ પક્ષી સિંધુ નદીના મુખ પાસેના પ્રદેશમાં જોવા મળે છે. આ પરથી અનુમાની શકાય કે, ત્યાંથી તે બદીન જિલ્લામાંથી કચ્છના મોટા રણમાં પ્રવેશી શકે છે.

ઉપરોક્ત બાબતોનો ઉલ્લેખ એટલા માટે કર્યો છે કે, હવે સમય પાકી ગયો છે જ્યારે ગુજરાતમાં વ્યવસ્થિત વૈજ્ઞાનિક રીતે વ્યાપક સર્વેક્ષણ કરી પંખીઓ વિશે તાજી માહિતી મેળવવી જોઈએ. જો આ માહિતી મળે તો ઘણી રસપ્રદ વિગતો આપણને જાણવા મળશે તેમાં મને લેશમાત્ર શંકા નથી. આ પ્રકારનાં સર્વેક્ષણો દરેક ઋતુમાં કરવા જોઈએ જેને લીધે આપણા રાજ્યમાં પક્ષીઓ વિશે સંપૂર્ણ જાણકારી મળી રહે. આપણે નસીબદાર છીએ કે આપણને શ્રી લવકુમાર ખાચર અને લાલસિંહભાઈ જેવા નિષ્ણાતોનું માર્ગદર્શન ઉપલબ્ધ છે અને તેનો લાભ અવશ્ય લેવો જોઈએ. ફક્ત ગુજરાતમાં નહીં પરંતુ સારાએ હિંદમાં આપણા પક્ષી વિજ્ઞાનીઓ (ornithologists) એ સર્વેક્ષણો હાથ ધરવાની

અનુ. પાના ૨૬ પર..



નવરંગ (Indian Pitta)


ajb JEWELS

... a benchmark of
Quality, Purity & Trust!

An Exquisite Jewelry Mall from

Satellite, Ahmedabad

Exclusive Showrooms across 3 floors ...

Carats & Cents

Golden Attire
Gold & Antique Ornaments

Silver Ornates
Silver articles & Fashion Jewelry